# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક


RNI NO. : GUJGUJ/2016/67425






07 DECEMBER, 2025 SUNDAY



પેજ 2  ડભોઈના પ્રવેશ દ્વારા પર ગંદકીના ઢગલા

પેજ 3  સહકાર મંત્રી અમિતભાઈ શાહે રૈયા ફાર્મની મૂલાકાત લીધી

પેજ 7  નલ સે જલ યોજના હેઠળ રૂ.ચાર કરોડની પાણીની ટાંકીનું લોકાર્પણ

પેજ 5 છેલ્લા 20 દિવસથી ખેતરોમાં ઉજાગરા કરી રહ્યા છે ટેકાના ભાવે ખરીદી ઓછી થઈ રહી છે



I Pakkogujarat/ I VOL : 10 I Issue : 262 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com


### 3 બાળકો સહિત 50ના મોત નીપજ્યાં

# સુદાનના અનેક શહેરોમાં હુમલા, શાળા પર ડ્રોન હુમલા

## માસૂમ બાળકોના મોત થતાં યુનિસેફ ભડક્યું : મદદે પહોંચેલી પેરામેડિકલ ટીમ પર પણ હુમલો : SAFએ બોર્ડર પર કર્યા હુમલા ભયાનક વિસ્ફોટ

• સુદાન

સુદાનમાં અર્ધલશ્કરી દળો રેપિડ સપોર્ટ ફોર્સિસ (RSF) અને બળવો કરનાર સુદાનિસ આર્મ્ડ ફોર્સિસ (SAF) વચ્ચે ચાલી રહેલા ગૃહયુદ્ધમાં રોજબરોજ અનેક લોકોના મોત થઈ રહ્યા છે. તાજેતરની ઘટનાની વાત કરીએ તો આરએસએફે નાના બાળકોની શાળા પર ડ્રોનથી હુમલો કર્યા બાદ ઘટનાસ્થળે મદદ માટે પહોંચેલી પેરામેડિકલ ટીમ પર પણ હુમલો કર્યો છે. આ ઘટનામાં 33 માસૂમ બાળકો સહિત 50 લોકોએ જીવ ગુમાવ્યો છે. એટલું જ નહીં SAFએ બોર્ડર પર હુમલા કરનાર અનેક ટ્રકોમાં ભયાનક આગ લાગી ગઈ છે.

મીડિયા રિપોર્ટ મુજબ, સુદાનમાં RSFએ દક્ષિણ-મધ્ય સુદાનના દક્ષિણ કોર્દોફાન રાજ્યના કલોગી શહેરમાં એક કિંડરગાર્ટન એટલે કે નાના બાળકોની શાળા પર ડ્રોનથી હુમલો કર્યો છે. આ હુમલામાં 50 લોકોના મોત થયા છે. ડૉક્ટરોના એક જૂથે શુક્રવારે મોડી રાત્રે સત્તાવાર નિવેદનમાં કહ્યું કે, અર્ધલશ્કરી દળોએ ઘટનાસ્થળે પહોંચી પેરામેડિકલ ટીમ પર પણ હુમલો કર્યો છે. ડ્રોન હુમલો થયા બાદ આખા વિસ્તારમાં સંદેશાવ્યવહાર વ્યવસ્થા સંપૂર્ણ ઠપ થઈ ગઈ છે. ઘટનામાં કેટલા લોકોના મોત થયા, તેની ચોક્કસ માહિતી સામે આવી નથી, પરંતુ મૃત્યુઆંક વધવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

આ ઉપરાંત સુદાન અને ચાડની સરહદ પર આવેલા અદ્રેઈ બોર્ડર ક્રોસિંગ પર SAFએ ડ્રોન અને હવાઈ હુમલા કર્યા હતા. આ હુમલામાં પાર્ક કરેલા અનેક ટ્રકોને નિશાન બનાવવામાં આવ્યા હતા, જેના કારણે ભારે વિસ્ફોટ અને આગ લાગી હતી. આ બોર્ડર ક્રોસિંગ લાંબા સમયથી RSF માટે પુરવઠાનો મુખ્ય માર્ગ રહ્યું છે. આજના હુમલાને કારણે આ માર્ગ પર સળગી ગયેલા કાટમાળનો ઢગલો થઈ ગયો છે અને સમગ્ર પુરવઠા માર્ગ ખોરવાઈ ગયો છે.

બાળકોના અધિકાર માટે કામ કરતી આંતરરાષ્ટ્રીય સંગઠન યુનિસેફે હુમલાની કડક શબ્દોમાં ટીકા કરી છે. સુદાન સ્થિત યુનિસેફના પ્રતિનિધિ શેલ્ડન યેટે કહ્યું કે, 'શાળામાં બાળકોની હત્યા કરવી તે બાળકોના અધિકારોના ભયાનક ઉલ્લંઘન છે. યુદ્ધમાં ક્યારેય બાળકોનો ભોગ ન લેવો જોઈએ. તેમણે અપીલ કરી છે કે, આવા હુમલો અટકાવવા જોઈએ, જરૂરીયાત મંદોને તાત્કાલિક માનવીય સહાય પહોંચાડવી જોઈએ.

કોર્દોફાનમાં છેલ્લા ઘણા સમયથી થઈ રહેલા હુમલામાં અનેક નાગરિકોએ જીવ ગુમાવ્યા છે. અગાઉ સુદાન દેશના પશ્ચિમી પ્રદેશ દારફુર સુધી જ યુદ્ધ સીમિત હતું, જોકે હવે આ યુદ્ધ આગળ વધીને કોર્દોફાન સુધી પહોંચી ગયું છે. RSFએ આખા અલ-ફાશેર શહેર પર કબજો કરી લીધો છે.

પહેલી ડિસેમ્બરના રોજ સુદાની સેનાએ દક્ષિણ કોર્દોફાનના કાઉડામાં હવાઈ હુમલો કર્યો હતો, જેમાં 48 લોકોના મોત થયા હતા. વાસ્તવમાં સુદાનમાં સત્તા હાંસલ કરવા માટે SAF અને RSF વર્ષ 2023થી ગૃહયુદ્ધ કરી રહી છે. ચિંતાજનક વાત એ છે કે, અલ-ફાશેર પર કબજો



કરનાર RSF નાગરિકોની હત્યા, મહિલાઓ પર અત્યારચાર અને દુષ્કર્મ સહિત અનેક ગંભીર ગુનાઓ આચરી રહ્યા છે.

વિશ્વ આરોગ્ય સંગઠનના રિપોર્ટ મુજબ યુદ્ધમાં અત્યાર સુધીમાં 40,000થી વધુ સૈનિકોના મોત થયા છે, જ્યારે 1.2 કરોડ લોકો પોતાના ઘર છોડવા મજબૂર થયા છે. જ્યારે હજારો લોકો પોતાના જીવ બચાવવા માટે ઘરો છોડીને ક્યાંક ભાગી ગયા છે. હજુ પણ અનેક લોકો શહેરમાં ફસાયા હોવાની પણ આશંકા છે. મીડિયા રિપોર્ટ મુજબ, આ આંકડો તેનાથી પણ વધુ હોઈ શકે છે.

### ભારતને ઇશારા ઇશારામાં અમેરિકાને સંભળાવી દીધુ

# કોઈ દેશ ભારત- રશિયા સંબંધો પર 'વીટો' કરી શકે તેમ નથી' : જયશંકર

• નવી દિલ્હી

ભારતના વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકરે આજે શનિવારે કહ્યું હતું કે, રશિયાના પ્રમુખ પુતિનની હમણાં જ સંપન્ન થયેલી બે દિવસની ભારત યાત્રા વાસ્તવમાં બંને દેશો વચ્ચેના સંબંધોને નવી રીતે પરિભાષિત કરવા માટેની હતી.

એચ.ટી. સમિટમાં એનડીટીવીના સીઈઓ અને એડિટર ઈન ચીફ રાહુલ કંવલ સાથેની ખાસ વાતચીત દરમિયાન એસ. જયશંકરે કહ્યું કે, ગત ૭૦- ૮૦ વર્ષ દરમિયાન દુનિયાએ અનેક ચઢાવ- ઉતાર જોયા છે મેં પહેલા પણ કહ્યું હતું અને આજે પણ ફરી કહું છું કે, ભારત- રશિયા સંબંધો દુનિયાના સૌથી સ્થિર સંબંધો પૈકીના એક છે. કોઈ પણ દેશ અમારા સંબંધો પર 'વીટો' કરી શકે તેમ નથી.

વૈશ્વિક સહકાર ચૂંટવામાં સહકારનું મહત્ત્વ દર્શાવતા જયશંકરે કહ્યું હતું કે,



'જીયો પોલિટિકલ ચઢાવ- ઉતાર ભરેલી દુનિયામાં મોસ્કો સાથેના નવી દિલ્હીના સંબંધો સૌથી વધુ સ્થિર રહ્યા છે. કોઈ પણ દેશ સાથે ભારત સંબંધો બાંધે તેની ઉપર અન્ય કોઈ દેશ 'વીટો' વાપરી શકે તેમ નથી.' તેઓએ કહ્યું હતું કે, 'અમેરિકા સાથે ૮૦- ૯૦ના દશકમાં અને સન ૨૦૦૦ આસપાસ અમારા આર્થિક સંબંધો વધ્યા પરંતુ સંરક્ષણ અને સલામતી ક્ષેત્રમાં તેવું ન થયું. હજી સુધી 'ન્યુક્લિયર ડીલ' થઈ શકી નથી. કેટલાયે યુરોપીય દેશો સાથે પણ અમારા સંબંધો સારા રહ્યા છે પરંતુ તેઓ ચીનને 'પ્રાયમરી પાર્ટનર' માને છે છતાં ય આર્થિક સંબંધો તેટલા પૂરા લાગતા નથી જ્યારે આપણે ભારતીય રશિયા સંબંધો જોઈએ તો સંરક્ષણ, સહકાર ભારત અને રશિયા વચ્ચેની મહત્ત્વની કડી છે.'

તેઓએ કહ્યું : 'રશિયા અને ભારતે ઘણાં અપ-ડાઉન જોયા છે. બંને દેશો વચ્ચેના સંબંધો મહત્ત્વના જ રહ્યા છે. જ્યારે રશિયાના ચીન અને યુરોપના દેશોના સંબંધોમાં ઘણા ચઢાવ ઉતાર આવ્યા છે. વિદેશ નીતિ કોઈ ફિલ્મથી જુદી હોય છે. પુતિનનું ભારત આવવું મહત્ત્વનું હતું જ પરંતુ તેથી પણ વધુ મહત્ત્વનું તે છે કે દિલ્હી- મોસ્કો વચ્ચે શું થયું ? બંને દેશોના સંબંધો સારા જ રહ્યા છે બંને પોતપોતાની રીતે સંબંધો મજબૂત બનાવે છે. કોઈ પણ દેશ અમારા સંબંધો પર 'વીટો' વાપરી શકે તેમ નથી આ રીતે તેઓનો ઈશારો અમેરિકા તરફ હતો .

# એરલાઈન્સની મનમાની પર બ્રેક! કેન્દ્ર સરકારે નક્કી કર્યા ફ્લાઇટના નવા ભાડા

• નવી દિલ્હી

ભારત સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ઈન્ડિગો સંકટને ધ્યાનમાં રાખીને તમામ અસરગ્રસ્ત રૂટ પર યોગ્ય અને વાજબી ભાડા નક્કી કરવા માટે તેની નિયમનકારી સત્તાઓનો ઉપયોગ કર્યો છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે અસરગ્રસ્ત રૂટ માટે મહત્તમ ભાડા મર્યાદા નક્કી કરી છે. સરકારે એરલાઈન્સને નિર્દેશ આપ્યો છે કે તેઓ વ્યક્તિગત રૂટ માટે નક્કી ભાડા કરતાં મુસાફરો પાસેથી વધુ ભાડું નહીં વસૂલે. જણાવી દઈએ કે, ઈન્ડિગો સંકટ વચ્ચે અન્ય એરલાઈન્સ ખૂબ ઊંચું ભાડું વસૂલતી હોવાની ફરિયાદો પર કેન્દ્ર સરકાર દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે.

સરકારે 500 કિમી સુધીની મુસાફરી માટે મહત્તમ ભાડું 7,500 રૂપિયા નક્કી કર્યું છે. વધુમાં, 500 થી 1,000 કિમી વચ્ચેની મુસાફરી માટે મહત્તમ ભાડું 12,000 રૂપિયા છે, અને 1,000 થી 1,500 કિમી વચ્ચેની મુસાફરી માટે 15,000 રૂપિયા છે. એ નોંધવું જોઈએ કે ભારતની સૌથી મોટી એરલાઇન ઈન્ડિગો છેલ્લા પાંચ દિવસથી ગંભીર ઓપરેશનલ સંકટનો સામનો કરી રહી છે. આ સંકટને કારણે ઈન્ડિગોએ છેલ્લા પાંચ દિવસમાં હજારો ફ્લાઈટ્સ રદ કરી છે. વધુમાં અસંખ્ય ઈન્ડિગો ફ્લાઈટ્સ મોડી પડી છે. ઈન્ડિગો કટોકટીને કારણે અન્ય એરલાઈન્સ અસરગ્રસ્ત રૂટ પર મુસાફરો પાસેથી અનેક ગણું ભાડું વસૂલતી હતી. નાગરિક ઉડ્ડયન મંત્રાલય (MoCA) એ આજે બપોરે એરલાઈન્સની મનમાની રોક વા માટે પોતાના રેગુલેટરી અધિકારોનો ઉપયોગ કર્યો અને તા ત્કાલિક અસરથી તમામ એરલાઈન્સ પર ફેયર કેપ (ભાડા મર્યાદા) લાગૂ કરી દેવાઈ.

### PM મોદીનો દુનિયાને મેસેજ

# જ્યારે દુનિયામાં મંદી હોય, ત્યારે ભારત ગ્રોથનો ઈતિહાસ લખે છે

• નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક કાર્યક્રમમાં જણાવ્યું કે 'ભારત આજે વિશ્વમાં એક નવી ઓળખ બનાવી રહ્યું છે અને સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે પ્રગતિ તરફ આગળ વધી રહ્યું છે. લાંબા ગાળાની ગુલામીએ દેશના આત્મવિશ્વાસને નબળો પાડ્યો હતો, પરંતુ હવે ભારત આ માનસિકતામાંથી બહાર નીકળીને નવા સંકલ્પો અને નવી ઊર્જા સાથે આગળ વધી રહ્યું છે.'

વડાપ્રધાને ખાનગી ચેનલના એક કાર્યક્રમમાં ભારપૂર્વક કહ્યું કે, 'ગુલામીની માનસિકતા ભારતને વિકસિત રાષ્ટ્ર બનવાના માર્ગમાં સૌથી મોટો અવરોધ હતી, પરંતુ સરકાર આ વિચારસરણીમાંથી મુક્ત થવા માટે સતત પ્રયાસ કરી રહી છે. હવે દેશ દરેક ક્ષેત્રમાં બદલાવની માનસિકતા



સાથે આગળ વધી રહ્યો છે અને નવો ઈતિહાસ લખવામાં આવી રહ્યો છે.

તેમણે અર્થવ્યવસ્થા પર કહ્યું કે, 'તાજેતરમાં જાહેર થયેલા જીડીપીના આંકડા દર્શાવે છે કે ભારત વૈશ્વિક અર્થતંત્રમાં મજબૂત ખેલાડી તરીકે ઉભરી રહ્યું છે. જ્યારે દુનિયામાં મંદીની ચર્ચા ચાલી રહી છે, ત્યારે ભારત વિકાસની ગાથા લખી રહ્યું છે અને વિશ્વાસનો સ્તંભ બની રહ્યું છે.'

તેમણે સ્પેસ સેક્ટરમાં થયેલા સુધારાઓનો ઉલ્લેખ કરીને કહ્યું કે, 'અગાઉ સ્પેસ સેક્ટરને સંપૂર્ણ સરકારના નિયંત્રણ હેઠળ હતું, જોકે સરકારે સુધારાઓ કરીને તેને ખાનગી કંપનીઓ માટે ખુલ્લો મૂક્યો. આ કારણે અવકાશ સંશોધનથી લઈને સેટેલાઈટ લોન્ચ સુધીના નવા દરવાજા ખુલ્યા છે, તેનું આજે પરિણામ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.'

વડાપ્રધાને મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે 'આવનારા 25 વર્ષ ભારત માટે નિર્ણાયક સાબિત થશે, જ્યાં ભારત વિકસિત રાષ્ટ્ર બનવાની દિશામાં સૌથી મોટા પગલાં લઈ રહ્યું છે. આપણી દિશા સ્પષ્ટ છે અને ઈરાદો ભારત પ્રથમ નો છે.' વડાપ્રધાને અંતમાં બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરને તેમના મહાપરિનિર્વાણ દિવસ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# 'EVMમાં ગડબડ છે, તેવું મારા પિતા કહે છે, પણ હું નથી માનતો'

### જમ્મુ કાશ્મીરના CMનું ચોંકાવનારું નિવેદન

• કાશ્મીર

દરેક ચૂંટણીઓમાં વિપક્ષનો સૌથી મોટો મુદ્દે EVMમાં ગડબડ હોવાનો છે, ત્યારે આ મામલે જમ્મુ-કાશ્મીર મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ મહત્ત્વનું નિવેદન આપ્યું છે. તેમણે ખાનગી ન્યૂઝ એજન્સીના કાર્યક્રમમાં ઈવીએમ હેકને લઈને કહ્યું કે, 'હું તેવા લોકોમાંથી નથી જેઓ ઈવીએમ હેક થવામાં માને છે. હેક મુદ્દે મારે મારા પિતા (ફારુક અબ્દુલ્લા) સાથે પણ બનતી નથી, કારણ કે તેઓ મશીનમાં ગડબડ થતી હોવાનું માને છે, ત્યારે હું આ માનતો નથી.'

મુખ્યમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, 'હું એવું નથી માનતો કે મશીન(ઈવીએમ)માં ચોરી થાય છે. હા, ચૂંટણી સાથે છેડછાડ ચોક્કસપણે થઈ શકે છે, પરંતુ આવી છેડછાડ વોટર લિસ્ટમાં ફેરફાર કરીને અથવા વિધાનસભા ક્ષેત્રોના સીમાંકન(ડિમિલિટેશન) માં ફેરફાર કરીને કરવામાં આવે છે. જમ્મુ-કાશ્મીરમાં થયેલું અગાઉનું સીમાંકન માત્ર એક જ પાર્ટીને ફાયદો પહોંચાડવા માટે કરવામાં આવ્યું હતું, જે યોગ્ય નથી.'

અબ્દુલ્લાએ I.N.D.I.A. ગઠબંધનના લઈને ચિંતા વ્યક્ત કરી કહ્યું કે, 'જો પ્રાદેશિક પક્ષો કેન્દ્ર સ્તરે ભાજપનો સામનો કરવા માંગતા હોય, તો કોંગ્રેસને સાથે લેવી જ પડશે. ભાજપ સિવાય કોંગ્રેસ જ એકમાત્ર એવી પાર્ટી છે, જેનો દેશભરમાં પ્રભાવ છે. તેમણે ભાજપની ચૂંટણી વ્યૂહરચનાની પ્રશંસા કરતાં કહ્યું કે, 'ભાજપના નેતાઓ દરેક ચૂંટણીમાં જીવ દાવ પર લગાવીને પૂરી તાકાતથી લડે છે. તાજેતરના બિહાર ચૂંટણી બાદ તરત જ તેમના નેતાઓ આગામી ચૂંટણીવાળા રાજ્યોમાં પહોંચી જાય છે, જ્યારે વિપક્ષ ચૂંટણીના માત્ર બે મહિના પહેલા જ સક્રિય થાય છે, જે પરિણામો પર અસર કરે છે.'

ઉમર અબ્દુલ્લાએ સ્વીકાર્યું કે, તેઓ ભલે ઈવીએમ હેકિંગમાં ન માનતા હોય, પણ ચૂંટણી જીતવા માટે ભાજપની પ્રતિબદ્ધતાની પ્રશંસા કરવી જરૂરી છે. તેમણે ઈન્ડિયા બ્લોકને પણ ભાજપની જેમ દરેક ચૂંટણીને ગંભીરતાથી લેવા અને કોંગ્રેસ સાથે એક મજબૂત રાષ્ટ્રીય જોડાણ જાળવી રાખવા પર ભાર મૂક્યો.

### બાબરી મસ્જિદ નિર્માણ વિવાદ વચ્ચે મમતા બેનર્જીનું નિવેદન

# 'નફરત ફેલાવનારા સામે લડાઈ ચાલુ રહેશે'

• કોલકાતા

પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસમાંથી સસ્પેન્ડ થયેલા ધારાસભ્ય હુમાયુ કબીરે અયોધ્યાની બાબરી મસ્જિદની જેમ મુર્શિદાબાદ જિલ્લામાં મસ્જિદ નિર્માણ માટે આજે (6 ડિસેમ્બર) ખાતમુહૂર્ત કર્યું છે, ત્યારે બીજી તરફ રાજ્યના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ભાઈચારાનો ઉલ્લેખ કરીને બંગાળમાં હિન્દુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ અને બૌદ્ધ લોકો એક હોવાનો સંદેશ આપ્યો છે.

વાસ્તવમાં 1992ના રોજ ઉત્તર પ્રદેશના અયોધ્યામાં બાબરી મસ્જિદ તોડી પાડવામાં આવી હતી, જેની આજે વરસી હોવાના કારણે ધારાસભ્ય કબીરે (Humayun Kabir) મસ્જિદનું નિર્માણ કરવા માટે ખાતમુહૂર્ત કરવાની જાહેરાત કરી હતી. જેને પગલે TMCએ પણ આ દિવસને એકતા દિવસ તરીકે ઉજવવાની યોજના બનાવી હતી. એકતા દિવસ અંતર્ગત સદભાવના, શાંતિ અને ભાગલાવાદી તત્ત્વો વિરુદ્ધ લડાઈ ચાલુ રાખવાનું આહ્વાહન કરવામાં આવ્યું હતું. ત્યારે મમતા બેનર્જી(CM Mamata Banerjee)એ એકતા દિવસની શુભેચ્છા આપીને કહ્યું છે કે, નફરત ફેલાવનારા સામે લડાઈ ચાલુ રહેશે. તેમણે સોશિયલ મીડિયા એક્સ પર પોસ્ટ કરીને ભારપૂર્વક કહ્યું છે કે, તેમની સરકાર બંધારણના આદર્શોની અને સિદ્ધાંતોની સુરક્ષા કરવા તેમજ તેને મજબૂત કરવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે એક્સ પર લખ્યું છે કે, 'બંગાળની માટી એકતાની માટી છે. બંગાળ રવિન્દ્રનાથ ટાગોર, નજરુલ(ઈસ્લામ)ની, રામકૃષ્ણ-વિવેકાનંદની ભૂમિ છે. આ ભૂમિએ ક્યારેય ભાગલાવાદી લોકો સામે માથુ ઝૂકાવ્યું નથી અને આવનારા સમયમાં પણ ઝૂકશે નહીં.

# 'અસીમ મુનીરની ધરપકડ કરવી જોઈએ' : પેન્ટાગોનના પૂર્વ અધિકારી

### યુ.એસ.ની પાક. નીતિ સામે સવાલો ઉઠાવ્યા

વૉશિંગ્ટન : પેન્ટાગોનના પૂર્વ અધિકારી માઈકલ રૂબિને અમેરિકાની પાકિસ્તાન નીતિની રીતસર ઝાટકણ જ કાઢી હતી અને કહ્યું હતું કે, 'પાકિસ્તાન સ્ટેટ સ્પોન્સરર ઑફ ટેરરિઝમ' (ત્રાસવાદને પ્રસરાવનાર રાજ્ય) તરીકે જાહેર કરવું જોઈએ. આ ઉપરાંત તેઓએ પાકિસ્તાનના લશ્કરી વડા અસીમ મુનીરને આપવામાં આવેલા 'રેડ કાર્પેટ વેલકમ'ની પણ ઉગ્ર ટીકા કરી હતી, તેને આવો ભવ્ય આવકાર આપવાને બદલે તેમની ધરપકડ જ કરવી જોઈતી હતી.

ન્યૂઝ એજન્સી એએનઆઈને આપેલી મુલાકાતમાં તેઓએ કહ્યું કે, 'ભારત ઉપર ૫૦ ટકા જેટલો ટેરીફ નાખવો તે યોગ્ય જ નથી. ભારત રશિયા પાસેથી તેલ ખરીદે છે તે માટે



જ ભારત ઉપર લાદવામાં આવેલો આટલો ટેરિફ ઘટાડવો જ જોઈએ અને પૂર્વે નાખેલ ભારે ટેરિફ માટે ટ્રમ્પે માફી માગવી જોઈએ. જો કે, ટ્રમ્પ કદી માફી માગવા તૈયાર નહીં થાય.'

માઈકલ રૂબિને કહ્યું હતું કે, 'સૌથી સારો માર્ગ તો તે છે કે આપણે કોઈ વિવાદનો ઉકેલ રાજદ્વારી રીતે જ લાવવો જોઈએ જે ઘણીવાર પર્દા પાછળ પણ ચલાવાતી હોય છે. તો કોઈ તબક્કે બોલીને ક્ષમા માગવી પણ પડે (ભલે લેખિત ન હોય). પ્રમુખ ટ્રમ્પને તે પસંદ નથી પરંતુ વિશ્વની લોકશાહી એક વ્યક્તિના અહંકાર કરતા વધુ મહત્ત્વની છે પછી તે વ્યક્તિ ગમે તેટલી ઊંચે હોય પરંતુ તેણે માફી માગવી જ જોઈએ.'

આ મુલાકાતમાં જ્યારે તેઓને પૂછવામાં આવ્યું કે, પ્રમુખ પુતિને તેમ કહ્યું છે કે, તેઓ ભારતને વધુ તેલ આપવા તૈયાર છે તે વિષે તમારે શું કહેવાનું છે ? તો તેના જવાબમાં તેમણે નરેન્દ્ર મોદીની પ્રશંસા કરતા કહ્યું કે, ભારતના હિતોનું પ્રતિનિધિત્વ કરવા માટે તો તેઓને ચૂંટી કાઢવામાં આવ્યા છે. જ્યારે અમેરિકા તો દંભી છે તે પોતે જ રશિયા પાસેથી ઘણી ચીજો ખરીદે છે જ્યારે ભારતને ના કહે છે આ ચાલી કેમ શકે ?'


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# જમાલપુરમાં ગાજરનો હલવો ખાધા પછી ૩૪ લોકોને ફુડ પોઈઝનીંગ

### નવા ઘરમાં પ્રવેશ પ્રસંગ સમયે બનેલી ઘટના

• અમદાવાદ

અમદાવાદના જમાલપુર વિસ્તારમાં શુક્રવારે નવા ઘરમાં પ્રવેશ પ્રસંગ નિમિત્તે ધાર્મિક વિધિ પછી ભોજન સમારંભ યોજાયો હતો. જેમાં ૩૪ લોકોને ફુડ પોઈઝનીંગની અસર થઈ હતી. અન્ય ચીજોની સાથે ગાજરનો હલવો પીરસવામા આવ્યો હતો. જમણવાર પુરો થયા પછી હાજર એવા લોકોએ પેટમાં દુખાવો, ઉલટી થવી અને ગભરામણ જેવી ફરિયાદ કરતા પાંચ પીપળી ખાતે આવેલી હોસ્પિટલ તથા કોર્પોરેશન સંચાલિત ચેપી રોગની હોસ્પિટલમા સારવાર આપવામા આવી હતી.

આ અંગે પ્રાપ્ત થતી વિગત મુજબ, જમાલપુર વિસ્તારમાં આવેલા છીપાવાડની ગફુરજી ચાલી ખાતે શુક્રવારે ધાર્મિક વિધિ પછી ભોજન સમારંભનુ આયોજન કરાયુ હતુ.જે સમયે ફુડ પોઈઝનીંગની અસર પામેલાઓ પૈકી ૧૫થી વધુ લોકોને પાંચપીપળી ખાતે આવેલી હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી. ચેપીરોગની હોસ્પિટલ ખાતે પણ ૧૧ લોકોને સારવાર અપાઈ હતી.જયારે અન્ય લોકોએ તેમના ઘરે જ સારવાર લીધી હતી.કોર્પોરેશનના ડેપ્યુટી હેલ્થ ઓફિસર ડોકટર ચિરાગ શાહે કહયુ,હાલ એક દર્દી સારવાર હેઠળ છે. હેલ્થ વિભાગ તરફથી ગાજરના હલવા ઉપરાંત નોનવેજ અને ખારી પુરીના સેમ્પલ તપાસ માટે લેવામા આવ્યા છે. ઘટના સ્થળ આસપાસના રહીશોને કલોરીન ટેબલેટ સહિતની ચીજોનુ વિતરણ કરવામા આવ્યુ છે.

# બોટાદ ટાઉન પોલીસ મથકનો ટોળાએ ઘેરાવ કર્યો

ભાવનગર: બોટાદમાં પોલીસે નશીલી હાલતમાં શખ્સને ઝડપી પાડયો હતો. આ શખ્સને છોડાવવા મહિલા સહિત બાર જેટલા લોકોના ટોળાએ પોલીસ વાન પર પથ્થરમારો કરી પોલીસ કોન્સ્ટેબલને ઢીંકા પતિનો માર મારી ફરજમાં રૂકાવટ કરી પોલીસ મથકનો ઘેરાવ કર્યો હતો.

બોટાદ ટાઉન પોલીસ મથકના પોલીસ કોન્સ્ટેબલ પંકજભાઈ સામતભાઈ પડયા તથા પો.કોન્સ ચિરાગભાઈ પોપટભાઈ પંડયા બોટાદ ટાઉન પોલીસ સ્ટેશનના વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા, તે દરમ્યાન રાજેશ ઉર્ફે પપ્પુ પરશોતમભાઈ હેડંબા પોતાના હાથમા લાકડી લઈ કેફી પીણું પીધેલ હાલતમાં મળી આવતા જેના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા સારૂ રાજેશ ઉર્ફે પપ્પુને પોલીસ સ્ટેશન ખાતે લઈ જતા રાજેશ ઉર્ફે પપ્પુના પત્ની જ્યોતિબેન હેડંબા તથા તેના પુત્ર મીત અને જતીન તથા સુરેશ કાંતીભાઈ મકવાણા તથા અનિલ ઉર્ફે હોલી મેઘજીભાઈ હેડંબા તથા મેઘાજી ગીગાભાઈ હેડંબા તથા લાભુબેન મેઘજીભાઈ હેડંબા તથા સોનલબેન અશોકભાઈ ચાચિયા તથા કમલેશ રમેશભાઈ રાઠોડ તથા દિનેશ નારાયણભાઈને બોલાવી ગેરકાયદે મંડળી રચી એકસંપ કરી સમાન ઉદ્દેશ્ય પાર પાડવા જ્યોતિબેને પીસીઆર વાન-૨ના ઈન્ચાર્જ આ.પો.કો. જયેશભાઈ મનજીભાઈ ચૌહાણનો વર્ધીનો પોલીસ પટ્ટો પકડી ઢીંકાપાટુનો માર મારી છરીનો ઘા ઝીંકી ધમકી આપી હતી. તદુપરાંત પોલીસ તથા પી.સી.આર વાન-૨ ઉપર પથ્થરમારો કરી પી.સી.આર વાન-૨ને તોડી નુકસાન કર્યું હતું. પોલીસ સ્ટેશન ખાતેથી બહાર જઈ બહારથી મહિલા તથા પુરૂષને બોલાવી પોલીસ સ્ટેશનનો ઘેરાવો કરી પોલીસ વિરૂધ્ધ સુત્રોચાર કરી પોલીસ હાય હાયના નારા લગાવી જેમ ફાવે તેમ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવ સંદર્ભે પોલીસ કોન્સ્ટેબલ પંકજભાઈ સામતભાઈ પડયાએ મહિલા સહિત ૧૨ લોકો વિરૂધ્ધ બોટાદ ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### સમગ્ર ભરતી ગત વખતે કેટલી થઈ હતી અને કેવી થઈ હતી તેનું આખું લિસ્ટ એ અભ્યાસ કરવા યોગ્ય છે

# અનામત કક્ષાના ઉમેદવારોને થતા અન્યાયો માટે સરકાર જવાબ આપે!

• ભાવનગર

ગુજરાતમાં જાહેર પરીક્ષા આયોગની વર્ગ 1/2 ની પરીક્ષાનું પરિણામ જ્યારે જાહેર થયું ત્યારે ઓબીસીનો સૌથી તેજ તરારે વર્ગ ચૌધરી સમાજના આગેવાનોએ પરિણામ સામે સવાલ ઉઠાવીને એક એવો મુદ્દો ઉઠાવ્યો હતો કે જેમાં બિન અનામત વર્ગની જગ્યાઓમાં અનામત કક્ષાના ઉમેદવારો આવી ન જાય અને તેમને માત્ર ને માત્ર અનામત જેટલી જ જગ્યાઓ પર સ્પેસ મળે તે પ્રકારનું એક ગુનાહિત કાવતરું તેના સંચાલકોએ કર્યું તેવો આક્ષેપ જે તે સમયે થયો હતો.પરંતુ આ આક્ષેપનો બચાવ કરવામાં આવ્યો અને પછી તેને રફેદફે કરીને મુદ્દાને ઉડાડી દેવામાં આવ્યો.

પરંતુ જે રીતે સમગ્ર મુદ્દાને ઉડાડીને હવે વર્ગ 3/4ની ભરતીમા પણ અનામત કક્ષાના ઉમેદવારો કે જેમાં આર્થિક સામાજિક પછાત, અનુસૂચિત જાતિ અને જનજાતિ વગેરેને ગણાવી શકો તેવા લગભગ 80% ટકા વસ્તી ધરાવતાં ઉમેદવારોને સરાસર અન્યાય કરવામાં આવી રહ્યો છે.અને તેથી બિન અનામત એવી વસ્તી 20- 22% જેટલા જ લોકોને 50% બિન અનામત વર્ગની જગ્યાઓ મળી જાય તેવી વ્યવસ્થા ગોઠવાતી હોય તેવી ગંધ આવી રહી છે.

આ અંગેની વાત કરતા પ્રો.બી.સી. રાઠોડ એક ચેનલને ઈન્ટરવ્યૂમાં જણાવે છે કે હજુ ગુજરાત જાહેર સેવા આયોગમાં થયેલા આવા અયોગ્ય કારનામાનો સંતોષકારક જવાબ નથી મળ્યો ત્યાં વિવિધ પ્રકારની ભરતીઓમાં અનામત કક્ષાના ઉમેદવારોને સરાસર અન્યાય થઈ રહ્યો છે. તલાટી,લોક રક્ષક કે ક્લાર્કની અલગ અલગ કેડરની ભરતીઓમાં 40% પાસિંગ ધોરણ લાવવામાં આવ્યું છે તેની પાછળનું એક ગણિત એ છે કે આ પાર્સિંગ ધોરણ લાવવાથી બિન અનામત વર્ગના ઉમેદવારો જ પાસ થઈ શકે અને રડ્યા ખડ્યા અનામત કક્ષાના ઉમેદવારો પાસ થાય તેને અનામત કેટેગરીમાં સમાવી દેવામાં આવે.

આગળ તે જણાવે છે કે તાજેતરમાં પોલીસ ભરતી અંગેની જે જાહેરાત આપવામાં આવી છે તેમાં 12,733 જગ્યાઓ લોકરક્ષકની છે અને તેમાં ઓબીસીની જગ્યાઓ 3669 હોવી જોઈએ તેને બદલે 3417 છે જે 292 ઓછી છે શા માટે ઓછી છે તે ભરતી બોર્ડ જણાવી શકે? ઈ ડબલ્યુ એસ ની જગ્યાઓ 1359 હોવી જોઈએ તેને બદલે 1446 જગ્યાઓ આપવામાં આવી છે એટલે કે તે જગ્યાઓ વધુ આપવામાં આવી છે તો આ 10% ના ધોરણ મુજબ શા માટે આ જગ્યાઓ વધારવા આપવામાં આવી છે તે પણ સવાલ થાય છે?

આગળ એવો દાવો કરવામાં આવ્યો છે કે જીપીએસસી હોય કે પછી રાષ્ટ્રીય કક્ષાની ભરતીમાં મેથ્સ રિઝનીંગના પ્રશ્નોનો ભારાંક 15% જેટલું જ હોય છે તો લોકરક્ષકમાં આ ભારાંકને 75% કરીને ભરતી બોર્ડ શું કરવા ધારે છે? એનો અર્થ એવો થયો કે આ રીઝનીંગના પ્રશ્નોના જવાબ એવા વિદ્યાર્થીઓ જ આપી શકે કે જેઓ કોચિંગ ક્લાસમાં તૈયારી કરતા હોય એટલે કે તમે કોચિંગ ક્લાસને પ્રોત્સાહન/ બળ આપો છો?! જે ગામડામાં રહેનારા ગરીબ વર્ગના લોકો જેમની પાસે કોચિંગ કરવા માટેના પૈસા, સ્થિતિ વગેરે નથી તેને તમે અન્યાય કરી રહ્યા છો.જે રીતે પોલીસ ભરતીની આગળની ભરતીમાં દોડવાના ગુણ 10 થી 25 હતા તે જોગવાઈઓ સંપૂર્ણ રદ કરવામાં આવી છે. એટલે કે આ રદ થતાની સાથે જ ઓટોમેટિકલી ગામડાનો ખડતલ વિદ્યાર્થી કે જે કદાચ બૌદ્ધિક કસોટીમાં મજબૂત ન હોય પરંતુ શારીરિક ક્ષમતાના કારણે આગળ આવી શકે છે તે જોગવાઈ રદ કરીને બૌદ્ધિક લોકોને ઘુસાડવાનું એક આયોજનબદ્ધ કાવતરું ગણી શકાય તે થયું છે? કોઈ દળના શારિરીક ક્ષમતાના ગુણ ન ગણાય તેવું સાંભળ્યું છે?અગાઉની પોલિસ ભરતીની 9810 કોન્સ્ટેબલની ભરતીમાં 549 જેટલા ઉમેદવારો દોડમાં 25 માંથી 25 માર્ક મેળવી શકેલા અને તેમાં અનામત કક્ષાના ઉમેદવારોની સંખ્યા 85% થી વધુ હતી.આ ઉમેદવારોને બાદ કરવા માટે શું આ જોગવાઈ કરવામાં આવી છે? મેથ્સનું રીઝનીંગ જે રીતે લોકરક્ષક જેવી પરીક્ષામાં વધારી દેવામાં આવ્યું છે તેનાથી આર્ટસ કોમર્સના વિદ્યાર્થીઓ આપોઆપ સ્પર્ધામાંથી બહાર થઈ જાય છે.સોસિયો ઈકોનોમી સર્વે મુજબ 80% લોકો આર્ટસ કોમર્સના હોય છે. માત્ર 20% લોકો વિજ્ઞાન પ્રવાહ સાથે જોડાયેલા છે.રિઝનિંગના પ્રશ્નો તે જ વધુ સારી રીતે સોલ્વ કરી શકે છે.વળી તમે ત્યાં એવી જોગવાઈ લઈને આવો છો કે રીઝનીંગમાં પણ જો તમારા 40% થી વધારે ગુણ ન હોય તો તમે પરીક્ષા માટે એલિજેબલ નથી.તો આ જોગવાઈ પણ સદંતર સમાનતાના સિદ્ધાંતની વિરુદ્ધ છે.

લોકરક્ષકનું પેપર એટલું અઘરું કાઢવામાં આવે છે કે જે પીએસઆઈના પેપરથી પણ વધુ કઠિન હોય છે.ગત વખતનું પેપર પીએસઆઈ નું 32 પેજ નું હતું અને સામે લોકરક્ષકનું 40 પેજ નું હતું. પેજ સાથે કદાચ આપણે કઠિનતાને ન આંકીએ પણ તેમાં ખાસ કરીને રીઝનીંગને કારણે આ મુદ્દો એ ઉભો થયેલો.

સમગ્ર ભરતી ગત વખતે કેટલી થઈ હતી અને કેવી થઈ હતી તેનું આખું લિસ્ટ એ અભ્યાસ કરવા યોગ્ય છે.તેમાં કેવી રીતે આક્ષેપોનું તથ્ય દેખાય છે તે પણ જોવું રહ્યું.બક્ષીપંચ સાથે જોડાયેલાં ધારાસભ્યો, સંસદસભ્યો આગામી દિવસોમાં આ માટે એક અભ્યાસ સમિતિની માંગણી કરે તો નવાઈ પામવા જેવું નહીં હોય.

### ડભોઈ-તરસાણા ચોકડી એ શહેરનું પ્રવેશદ્વાર ત્યાં જ ગંદકીના ઢગલા

# ડભોઈ તરસાણા ચોકડી પર કચરાના ઢગ સ્વચ્છતા અભિયાનના ધજાગરા

### ડભોઈ નગરપાલિકાએ તાત્કાલિક પગલાં લઈ આ કચરાના ઢગ હટાવીને આ વિસ્તારને સંપૂર્ણપણે સ્વચ્છ બનાવે તે જરૂરી છે



• _ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ સમગ્ર દેશમાં સ્વચ્છતા અભિયાન અને પ્લાસ્ટિક મુક્ત ભારતના સપનાને સાકાર કરવા પ્રયાસો થઈ રહ્યા છે, ત્યારે ડભોઈ શહેરના પ્રવેશદ્વાર પર જ જોવા મળી રહેલો કચરાનો અસહ્ય માહોલ તંત્રની બેદરકારી છતી કરે છે. ડભોઈ-તરસાણા ચોકડીથી ગામમાં પ્રવેશી રહેલા નાગરિકોને સૌથી પહેલા જ કચરાના ઢગે ઢગ અને પ્લાસ્ટિકનો જમાવડો આવકારે છે, જે શહેરની છબી ખરાબ કરી રહ્યો છે ડભોઈ નગરપાલિકા દ્વારા કચરાનો નિકાલ કરવા માટે મોડલ ફોર્મ ખાતે કચરો નાખવાનો પ્લાન બનાવવામાં આવ્યો છે.આટલું સ્પષ્ટ આયોજન હોવા છતાં, શહેરના મુખ્ય પ્રવેશદ્વાર પર જ આ પ્રકારે કચરો ખડકાયેલો રહેવો એ નગરપાલિકાના અમલતંત્રની નિષ્ફળતા દર્શાવે છે. એક તરફ, ડભોઈ શહેરને પ્લાસ્ટિક મુક્ત બનાવવાની વાતો થઈ રહી છે, તો બીજી તરફ, આ જ સ્થળે પ્લાસ્ટિકનો મોટો જથ્થો ખુલ્લેઆમ જોવા મળી રહ્યો છે. આ કચરાના ઢગમાં ખાસ કરીને પ્લાસ્ટિકનું પ્રમાણ વધુ હોવાથી પર્યાવરણને પણ ગંભીર નુકસાન થઈ રહ્યું છે સ્વચ્છતા પખવાડિયાનો કેવો અમલ શહેરમાં નિયમિતપણે સ્વચ્છતાના પખવાડિયા અને સફાઈ અભિયાનો ચલાવવામાં આવે છે, જેના પર લાખો રૂપિયાનો ખર્ચ થાય છે. તેમ છતાં, આ મુખ્ય માર્ગ પર કચરાના ઢગ ખડકાયેલા રહે છે, જે દર્શાવે છે કે કાં તો આ અભિયાનો માત્ર કાગળ પર જ છે, અથવા તો જાહેર જનતામાં જાગૃતિ લાવવાના પ્રયાસો નિષ્ફળ ગયા છે. સ્થાનિક લોકો નિયમિતપણે આ જગ્યાએ કચરો નાખતા હોવાથી સમગ્ર રોડ પર કચરો ફેલાયેલો રહે છે, જેના કારણે રાહદારીઓ અને વાહનચાલકોને ગંદકી અને દુર્ગંધનો સામનો કરવો પડે છે.ડભોઈ-તરસાણા ચોકડી એ શહેરનું પ્રવેશદ્વાર છે. આટલી મોટી ગંદકી સાથે શહેરમાં પ્રવેશ કરવો એ શરમજનક છે. નગરપાલિકાએ તાત્કાલિક ધોરણે આ કચરાના ઢગ હટાવવા જોઈએ અને અહીં કચરો નાખતા લોકો સામે કડક દંડનીય કાર્યવાહી કરવી જોઈએ. આનાથી અવર-જવર કરતા લોકોને અને શહેરમાં એન્ટર થતા મહેમાનોને મોટી રાહત મળશે. ડભોઈ નગરપાલિકાએ તાત્કાલિક પગલાં લઈ આ કચરાના ઢગ હટાવીને આ વિસ્તારને સંપૂર્ણપણે સ્વચ્છ બનાવે તે જરૂરી છે, જેથી સ્વચ્છ ડ ભોઈ શહેરનું નિર્માણ થઈ શકે. ડભોઈ નગરપાલિકા આ બાબતે શું કાર્યવાહી કરે છે, એ જોવાનું રહ્યું

### ફલાયઓવરબ્રિજ, આઈકોનિક રોડ બનાવવા

# અમદાવાદમાં ૨૭૩ લીલાછમ વૃક્ષોનું નિકંદન કાઢવાની શરુઆત

• અમદાવાદ



અમદાવાદમાં ત્રણ સ્થળે ફલાય ઓવરબ્રિજ બનાવવા તથા એક સ્થળે આઈકોનિક રોડ બનાવવા ૫૦ વર્ષ જુના એવા લીલાછમ વૃક્ષોનું નિકંદન કાઢવા મંજૂરી અપાઈ છે.શહેરનું ગ્રીન કવર વધારવાના બણગા ફુંકનારા સત્તાધારી પક્ષના હોદ્દેદારો અને તઁત્રમાં ફરજ બજાવતા અધિકારીઓને ન્યાયતંત્રની પણ પરવાહ ના હોય એ પ્રમાણે મંજૂરી અપાઈ રહી છે.૨૭૩ વૃક્ષો પૈકી નરોડા પાટિયા ફોરલેન ફલાય ઓવરબ્રિજ બનાવવા સૌથી વધુ ૧૪૨ વૃક્ષો જડમૂળથી કાપી નાંખવામાં આવશે.આ પૈકી કેટલાક વૃક્ષો કપાવાની શરુઆત પણ કરી દેવામાં આવી છે.

મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી વર્ષ-૨૦૨૫-૨૬માં શહેરના વિવિધ વિસ્તારમાં ૪૦ લાખ રોપાં-વૃક્ષ વાવવા માટે ૬૯ કરોડથી વધુનો ખર્ચ કરવામા આવ્યો હતો.શહેરમાં અત્યારસુધીમાં ટ્રી-સેન્સસ કામગીરી અંતર્ગત ૧૨ લાખથી વધુ વૃક્ષોની ગણતરી પુરી કરાઈ હોવાનો દાવો અધિકારીઓ કરી રહયા છે. આ પરિસ્થિતિની વચ્ચે આર.ટી.ઓ.સર્કલથી સાબરમતી ચાંદખેડા તરફના ચીમનભાઈ પટેલ બ્રિજની બાજુમાં ટોરેન્ટ પાવર તરફના બ્રિજને પહોળો કરી નવો રેલવે ઓવરબ્રિજ બનાવવા બ્રિજના એલાઈમેન્ટમાં આવતા ૭૩ પૈકી પાંચ વૃક્ષને બચાવી નડતરરુપ ૬૮ વૃક્ષોને દુર કરવા ૧૧ ડિસેમ્બરના રોજ કોર્પોરેશન તરફથી જાહેર હરાજી કરાશે.આ ઉપરાંત લો-ગાર્ડનથી પંચવટી જંકશન થઈ શેઠ સી.એન. વિદ્યાલય સુધી ફલાયઓવરબ્રિજ બનાવવા નડતરરુપ ૪૯ પૈકી હાલમાં ચાર વૃક્ષ બચાવી ૧૭ વૃક્ષને જડમૂળથી કાપીને લઈ જવા જાહેર હરાજી કરવામાં આવશે.અમદાવાદની સતત પ્રદૂષિત બનતી જતી હવાના શુધ્ધિકરણ માટે પ્રયાસ કરવાના બદલે રાજકારણીઓ અને કોર્પોરેશનના અધિકારીઓ વર્ષો અગાઉ બાપદાદાએ જતન કરી ઉગાડેલા લીલાછમ વૃક્ષોનુ નિકંદન કઢાવી રહયા છે.છતાં તેમનુ રુવાડું પણ ફરકતુ નથી.

# બોરસદ બાર એસો.ની ચૂંટણીમાં ભાજપના બે હોદ્દેદારો વચ્ચે જંગ જામશે

### બોરસદ શહેર ભાજપ સંગઠનના પૂર્વ પ્રમુખ ભવરસિંહ પુરોહિત સામે માર્કેટયાર્ડના ડિરેક્ટર તુષાર પટેલે ફોર્મ ભરતા ડેમેજ કન્ટ્રોલ

• આણંદ

બોરસદ બાર એસોસિએશનની તા. ૧૯મીએ યોજાનારી ચૂંટણીમાં પ્રમુખ પદ માટે બોરસદ શહેર ભાજપના સંગઠન પૂર્વ પ્રમુખ ભવરસિંહ પુરોહિત સામે માર્કેટયાર્ડના ડિરેક્ટર તુષાર પટેલ ફોર્મ ભર્યું છે. જોકે, ભાજપના અગ્રણીઓ બંને સમજાવટના પ્રયાસો હાથ ધર્યા છે. તા. ૯ ડિસેમ્બર ફોર્મ પરત ખેંચવાના દિવસે ચિત્ર સ્પષ્ટ થશે.

આણંદ જિલ્લાની તમામ કોર્ટમાં બાર એસોસિએશનના નવા વર્ષના પ્રમુખ માટેની ચૂંટણીઓ યોજાવાની છે. જેમાં બોરસદ શહેરમાં ઉમેદવારીપત્ર ભરવાના છેલ્લા દિવસે

શુક્રવારે પ્રમુખ પદ માટે બે ઉમેદવારીપત્ર ભરાયા હતા. જેમાં એક ઉમેદવારી પત્ર ભવરસિંહ પુરોહિત અને અન્ય ઉમેદવારી પત્ર તુષાર પટેલનું ફોર્મ ભરાયું છે. બંને ઉમેદવારો હાલ બોરસદ ભાજપમાં હોદ્દેદારો છે. જેમાંથી ભવરસિંહ પુરોહિત બોરસદ શહેર ભાજપના સંગઠનના પૂર્વ પ્રમુખ પણ હતા અને તેમના પત્ની ભગવતીબેન પુરોહિત વોર્ડ નંબર ત્રણમાં ભાજપના પૂર્વ કાઉન્સિલર પણ હતા. જ્યારે અન્ય ઉમેદવાર તુષાર પટેલ હાલ બોરસદની ભાજપની એપીએમસીના સૌથી વધુ મતે જીતેલા ડિરેક્ટર છે.

બોરસદ બાર એસોસિએશનની ચૂંટણીમાં અન્ય મહત્વના પદ માટે પણ ભાજપના સમર્થનમાં હોય તેવા ઉમેદવારોએ પણ ઉમેદવારીપત્ર ભરેલા છે. આગામી ૯ ડિસેમ્બરે ઉમેદારીપત્ર પરત ખેંચવાનો છેલ્લો દિવસ છે. બંને ભાજપના કાર્યકરોમાંથી કોણ ઉમેદવારી પત્ર પાછું ખેંચે છે તે ઉપર સૌ કોઈની નજર મંડાયેલી છે. હાલ બોરસદ બાર એસોસિએશનમાં કુલ ૧૮૮ જેટલા સભ્યો છે અને ૧૯ ડિસેમ્બરે તમામ સભ્યો મતદાન કરશે.

# અંકલેશ્વરનો તેજસ ગાંધીને ભરૂચમાંથી ઝડપી પાડ્યો

• અંકલેશ્વર

અંકલેશ્વર શહેર 'એ' ડિવિઝન પોલીસે નામદાર જ્યુડિશિયલ ફર્સ્ટ ક્લાસ મેજિસ્ટ્રેટ, ફેમિલી કોર્ટના વોરંટના કામે ફરાર રહેલા આરોપી તેજસકુમાર કિરીટભાઈ ગાંધી (રહે. ભોલાવ, ભરૂચ)ને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી છે.



આરોપી તેજસકુમાર કિરીટભાઈ ગાંધી (રહે. ભોલાવ, ભરૂચ) ને નામદાર કોર્ટ દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ મુજબના ક્રિમિનલ પરચુરણ કેસમાં ૧૫૦ દિવસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો હતો. સજામાંથી બચવા આરોપી છેલ્લા કેટલાક સમયથી નાસતો ફરતો હતો.

અંકલેશ્વર શહેર 'એ' ડિવિઝન પોલીસે બાતમીના આધારે કાર્યવાહી કરીને સજા પામેલ અને ફરાર રહેલા આરોપી તેજસ ગાંધીને ભરૂચના ભોલાવ વિસ્તારમાંથી ઝડપી પાડ્યો હતો.

આરોપીની અટકાયત બાદ કોર્ટના વોરંટના કામે કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરી તેને ભરૂચ સબ જેલ ખાતે મોકલી આપવામાં આવ્યો છે.

### અલગ અલગ એજન્સીઓ દ્વારા બ્રિજ મટીરીયલના સેમ્પલ લેવામા આવ્યા

# બ્રિજ લાંબો સમય બંધ રખાય તેવી સંભાવના, સુભાષ બ્રિજ નીચેના ભાગમાં તપાસમાં મોટી તિરાડ જોવા મળી

• અમદાવાદ



૪ ડિસેમ્બરથી તમામ પ્રકારની અવરજવર માટે સુભાષબ્રિજ બંધ કરાયા પછી સતત બીજા દિવસે અલગ અલગ એજન્સીઓ દ્વારા બ્રિજના નીચેના ભાગમા તપાસ કરી હતી.બ્રિજના નીચેના ભાગમાં તપાસ સમયે મોટી તિરાડ પડી હોવાનુ જોવા મળ્યુ હોવાનુ આધારભૂત સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.એજન્સીઓ દ્વારા બ્રિજ મટીરીયલના અલગ અલગ સેમ્પલ પણ લીધા હતા. બ્રિજ લાંબા સમય સુધી બંધ રખાય એવી શકયતા નકારી શકાતી નથી.

બ્રિજ બંધ કરાયા પછી સતત બીજા દિવસે સાબરમતી નદીમાં નીચેના ભાગમા જઈ અલગ અલગ એજન્સીઓએ બ્રિજની પરિસ્થિતિ અંગે તપાસ કરી હતી.બ્રિજમાં ખરેખર કેટલી તિરાડ પડી છે.બ્રિજનુ સ્ટ્રકચર કેવુ છે તે દિશામા પણ તપાસ કરવામા આવી હતી.ઈન્સપેકશન દરમિયાન અલગ અલગ એજન્સીઓ દ્વારા બ્રિજની જોખમી જગ્યાના ફોટોગ્રાફ પણ લીધા હતા.બ્રિજની નીચેના ભાગમાં બે સ્પોટ ઉપર ગાબડા પડયા હોવાની બાબત પણ સામે આવી છે.આ પરિસ્થિતિમાં બ્રિજના સ્ટ્રકચરની મજબૂતી ઉપર ઈન્સપેકશન દરમિયાન વધુ ફોકસ કરવામા આવ્યુ હતુ.સેમ્પલ લેવામા આવ્યા છે જેની તપાસ કરવામા આવશે. આ ઉપરાંત ડિટેઈલ ઈન્સપેકશન સમયે બ્રિજ ઉપર અને બ્રિજની નીચેના ભાગમાં કયા પ્રકારની શું ક્ષતિ જોવા મળી એ અંગે એક રીપોર્ટ તૈયાર કરી રાજય સરકારના આર.એન્ડ બી.વિભાગને પણ આપવામા આવશે. જે પ્રમાણેના પ્રાથમિક તારણો સામે આવી રહયા છે તેને જોતા બ્રિજ ઘણા મહિનાઓ સુધી બંધ રહે તેવી સંભાવના છે.

# સેંટ્રલ બેન્ક ઓફ ઈંડિયા ની નારણપુરા અને વેજલપુર શાખાઓનું સફળ સ્થળાંતર

### બંને વરિષ્ઠ અધિકારીઓએ નવા પરિસરના ઉદ્ઘાટન પ્રસંગે દીપપ્રાગટ્ય કર્યું

• અમદાવાદ

૫ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ, સેંટ્રલ બેન્ક ઓફ ઈંડિયાની અમદાવાદમાં આવેલ નારણપુરા અને વેજલપુર શાખાઓએ તેમના નવા, આધુનિક અને વધુ સુલભ પરિસર સાથે એક નવી સફર શરૂ કરી. આ પરિવર્તન ફક્ત સ્થાન પરિવર્તન નથી, પરંતુ ગ્રાહકોને વધુ સારો, સરળ અને વધુ માનવીય બેંકિંગ અનુભવ પ્રદાન કરવાના બેંકના સત્તત પ્રયાસોમાં એક મહત્વપૂર્ણ પગલું છે. ઉદ્ઘાટન સમારોહ અમદાવાદ ઝોન ના ઝોનલ હેડ શ્રી એસ.કે. સરકાર અને અમદાવાદ રિજન ના રીજઓનલ વડા શ્રી ગૌરવ કુમાર જૈનની હાજરીમાં યોજાયો હતો.





બંને વરિષ્ઠ અધિકારીઓએ નવા પરિસરના ઉદ્ઘાટન પ્રસંગે દીપપ્રાગટ્ય કર્યું અને બેંકની પ્રગતિશીલ પહેલની પ્રશંસા કરી. તેમના સંદેશમાં, તેમણે જણાવ્યું હતું કે નવું પરિસર ફક્ત માળખાંકીય નથી, પરંતુ બેંકની તેના ગ્રાહકો પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતીક છે, જ્યાં દરેક સુવિધા, દરેક પ્રક્રિયા અને દરેક ક્રિયાપ્રતિક્રિયામાં વધારો થાય છે. નવા વાતાવરણમાં, ગ્રાહકો વધુ સરળતા, ઝડપી સેવા અને માનવીય સ્પર્શ સાથે બેંકિંગનો આનંદ માણશે. તેમણે શાખાના કર્મચારીઓને પ્રોત્સાહિત કરતા કહ્યું કે ગ્રાહકો અમારી ઓળખ છે, અને તેમની સુવિધા અમારી ટોચની પ્રાથમિકતા છે. આ નવી શરૂઆત ટીમને વધુ ઉત્સાહ અને સેવા પ્રત્યે સમર્પણ સાથે કામ કરવા પ્રેરણા આપશે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રાહકો, સ્થાનિક નાગરિકો, અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા. બધાએ નવા પરિસરનું સ્વાગત કર્યું અને વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ પરિવર્તન ફક્ત બેંકિંગ સેવાઓમાં વધારો કરશે નહીં પરંતુ તેમને વધુ પ્રતિભાવશીલ, અનુકૂળ અને ગ્રાહક-કેન્દ્રિત પણ બનાવશે.

### બારડોલી સત્યાગ્રહે સરદાર સાહેબને દેશભરમાં મજબૂત અને કદાવર જનનેતાના રૂપમાં પ્રસ્થાપિત કર્યાઃ રાજ્યપાલ

# કરમસદથી પ્રારંભ થયેલી 'સરદાર@150' રાષ્ટ્રીય એકતા પદયાત્રાની ૧૧ દિવસના પરિભ્રમણ બાદ એકતાનગરમાં સમાપન

### એક અને અખંડ ભારતના નિર્માણમાં સરદાર સાહેબનું યોગદાન પેઢીઓ સુધી અમર રહેશેઃ ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન

• રાજપીપલા,તા૬

લોખંડી પુરૂષ, દેશના પ્રથમ ગૃહમંત્રી, ભારતરત્ન સરદાર વલ્લભભાઈ પટેલનેની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે તેમને સ્મરણાંજલિ આપવા માટે કરમસદથી નીકળેલી 'સરદાર@150' રાષ્ટ્રીય એકતા પદયાત્રા ૧૧ દિવસના પરિભ્રમણ બાદ એકતાનગર સ્થિત સરદાર પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' પરિસરમાં પૂર્ણ થઈ હતી. એકતા પદયાત્રાના સમાપન સમારોહમાં ઉપસ્થિત ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને આ પદયાત્રાને ભારતના અમર આત્માના ઉત્સવ તરીકે ગણાવી હતી. એકતા પદયાત્રા દેશના જન અને મનને જોડવાનું માધ્યમ બની છે, જેમાં એકતા, કર્તવ્ય અને રાષ્ટ્ર નિર્માણની ભાવનાનો સમન્વય જોવા મળ્યો હોવાનું ગર્વભેર જણાવ્યું હતું. . ઉપરાષ્ટ્રપતિએ વધુમાં કહ્યું કે, સરદાર પટેલ આપણા શ્રેષ્ઠ રાષ્ટ્રીય નાયક હતા, જેમણે કુશળ નેતૃત્વ પૂરૂ પાડીને ૫૬૦થી વધુ રજવાડાઓને એકીકૃત કર્યા. એક અને અખંડ ભારતના નિર્માણમાં સરદાર સાહેબનું યોગદાન પેઢીઓ સુધી અમર રહેશે. આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે,




બારડોલી સત્યાગ્રહે સરદાર સાહેબને દેશભરમાં મજબૂત અને કદાવર જનનેતાના રૂપમાં પ્રસ્થાપિત કર્યા હતા. અંગ્રેજોના અત્યાચારી કર વધારા સામે વલ્લભભાઈ પટેલે આગળ આવીને નેતૃત્વ લીધું હતું. તે સમયે તેઓ એક સફળ વકીલ હતા અને આરામદાયક જીવન જીવી શકતા હતા, પરંતુ તેમણે દેશ સેવા માટે પોતાની વકીલાત છોડી દીધી હતી. એકતાનગર ખાતે સરદાર સાહેબની વિશ્વની સૌથી વિરાટ પ્રતિમાનું નિર્માણ કરાવીને તેમણે દેશની એકતા અને અખંડિતતાનું પ્રતીક બનાવ્યું છે એમ જણાવતા રાજ્યપાલે દેશભરમાં યોજાયેલી પદયાત્રાઓ સરદાર સાહેબના જીવન આદર્શો અને સત્કાર્યોમાંથી નવી ઊર્જા મેળવશે એમ રાજ્યપાલે કહ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીનું વર્ષ સમગ્ર દેશમાં રાષ્ટ્રગૌરવને ઉજાગર કરતું એક ઐતિહાસિક વર્ષ બની રહ્યું છે. આ વર્ષ રાષ્ટ્રગાન વંદે માતરમ, ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મજયંતિ તથા સરદાર સાહેબના વિચારધારાના વૈશ્વિક પ્રચાર-પ્રસારનું પ્રેરણાસ્રોત બની રહ્યું છે. કેન્દ્રીય રમતગમત અને યુવા પ્રવૃત્તિઓ મંત્રી ડો. મનસુખભાઈ માંડવીયાએ કહ્યું કે, આ પદયાત્રા સરદાર સાહેબના પૈતૃક ગામ કરમસદથી સ્ટેચ્યુ ઓફ યુનિટી (એકતા નગર) સુધીની ૧૫૦ કિલોમીટરની અંતિમ તબક્કાની પદયાત્રામાં પોતે ચાર દિવસ સુધી ભાગ લીધો હતો. તેમણે ૧૫૦ કાયમી પદયાત્રીઓની સાથે દેશભરમાંથી અસંખ્ય યુવાનો અને મહિલાઓ તેમજ ગુજરાતના ખૂણે ખૂણેથી હજારો યુવાનો પોતાની ક્ષમતા મુજબ એક, બે કે ત્રણ દિવસ માટે યાત્રામાં જોડાયા હતા, જેના કારણે આ પદયાત્રા ખરા અર્થમાં 'વિચારની યાત્રા' બની ગઈ છે. આ વેળાએ ઉપસ્થિત સૌએ સ્વદેશી અપનાવી 'આત્મનિર્ભર ભારત'ના નિર્માણના શપથ ગ્રહણ કર્યા હતા. નોંધનીય છે કે, સરદાર@૧૫૦ રાષ્ટ્રીય એકતા પદયાત્રા તા.૨૬ નવે.ના રોજ સરદાર સાહેબના જન્મ સ્થાન કરમસદથી આરંભાઈ હતી. ૧૧ દિવસ ચાલેલી આ યાત્રા આણંદ ઉપરાંત વડોદરા, નર્મદા જિલ્લાના ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં પરિભ્રમણ કરી તા.૬ ડિસે. ના રોજ નર્મદા જિલ્લાના એકતાનગર સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટી પહોંચી હતી. રાષ્ટ્રીય યુનિટી માર્ચમાં જોડાયેલા ઉર્જાત્મક યુવા પેઢી, મહાનુભાવો-જનપ્રતિનિધિઓ, સામાજિક સંસ્થા, સ્વયંસેવકો, સ્થાનિક નાગરિકોએ આત્મનિર્ભર અને વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપવા જનજન સુધી એકતાનો સંદેશો આપ્યો હતો.

### એમ્બ્રિયો ટેક્નોલોજી પ્રગતિની સમીક્ષા કરી

# સહકાર મંત્રી અમિતભાઈ શાહે રૈયા ફાર્મના ગર્ભ ટ્રાન્સપ્લાન્ટ લેબની મુલાકાત લીધી

**સરાહનીય કામગીરી**

### બનાસ ડેરીના ET કાર્યક્રમની કેન્દ્ર અને રાજ્ય મંત્રીઓની ઉચ્ચ સ્તરીય ટીમ દ્વારા મુલાકાત

• પ્રતિનિધિ દિયોદર જગદીશ સોની

રૈયા ફાર્મના એમ્બ્રિયો ટ્રાન્સફર ક્ષેત્રે પ્રાપ્ત થયેલ સફળતાઓને સહકાર મંત્રી અમિત શાહે સરાહનીય ગણાવી ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહે વાવ-થરાદ જિલ્લાના દિયોદર તાલુકાના રૈયા ખાતે સ્થિત બનાસ ડેરીના ગર્ભ ટ્રાન્સપ્લાન્ટ (Embryo Transfer) લેબોરેટરીની મુલાકાત લીધી હતી. તેમણે લેબોરેટરીની કાર્યપ્રણાલી, ટેક્નોલોજીકલ પાસાંઓ તેમજ પ્રગતિ અંગે સંબંધિત તજજ્ઞો પાસેથી વિગતવાર માહિતી મેળવી હતી. બનાસ ડેરી દ્વારા NDB તથા NDSના સહયોગથી આધુનિક ટેક્નોલોજી આધારિત એમ્બ્રિયો ટ્રાન્સફર (ET) કાર્યક્રમ અમલમાં મૂક્યો છે. વર્ષ 2021થી રૈયા ફાર્મ ખાતે શરૂ થયેલી આ



કામગીરી અંતર્ગત અત્યાર સુધી 700થી વધુ એમ્બ્રિયો ઉત્પન્ન, 522 એમ્બ્રિયો ટ્રાન્સફર તેમજ 83 સફળ ગર્ભધાન પ્રાપ્ત થયા છે. ઉપરાંત, 40થી વધુ એલાઈટ વાછરડાં ઉત્પન્ન કરવામાં આવતા આ પ્રોજેક્ટે મહત્વપૂર્ણ પ્રગતિ નોંધાવી છે. વર્તમાન સમયમાં ભીલડી ખાતે બનાસ બોવાઈન બ્રીડિંગ એન્ડ રિસર્ચ સેન્ટર (BBBRC) સ્થાપિત કરવાની કામગીરી ઝડપભેર આગળ વધી રહી છે. અતિ-આધુનિક એમ્બ્રિયો પ્રોડક્શન લેબોરેટરી સાથે આ કેન્દ્ર ઉભું કરવામાં આવી રહ્યું છે. નવી સુવિધા સંપૂર્ણ થાય ત્યાં સુધી રૈયા ફાર્મ ખાતે કન્ટેનર લેબોરેટરી દ્વારા તમામ કામગીરી સતત ચાલુ છે. રૈયા ફાર્મ ખાતે કાંકરેજ, ગીર, સાહિવાલ, રાઠી, મેહસાણા, મુર્રાહ અને જાફરાબાદી જેવી ઉચ્ચ ક્ષમતા ધરાવતા પ્રાણીઓ ઉપલબ્ધ છે, જેના આધારે એમ્બ્રિયો ઉત્પાદન તથા ટ્રાન્સફર પ્રક્રિયા સક્રિયપણે ચાલી રહી છે. તાજેતરમાં હાથ ધરાયેલા વિટ્રિફાઈડ એમ્બ્રિયો ટ્રાન્સફર ટ્રાયલમાં 32.25% ગર્ભધાન પ્રાપ્ત થવું પ્રોજેક્ટના ભવિષ્ય માટે અત્યંત આશાસ્પદ પરિણામ છે. આગામી સમયમાં 4,000 થી 10,000 એમ્બ્રિયો ઉત્પાદન કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે, જેથી દેશના વિવિધ રાજ્યોમાં ઉચ્ચ ગુણવત્તાવાળી જર્મપ્લાઝમ ઉપલબ્ધ થઈ શકે અને પશુ પ્રજનન ક્ષેત્રે ગુણાત્મક પરિવર્તન લાવી શકાય. મુલાકાત દરમ્યાન કેન્દ્રીય મંત્રી મુરલીધર મોહોલ, શ્રી કૃષ્ણપાલ ગુર્જર, સંસદીય પરામર્શ સમિતિના સભ્યઓ, રાજ્યના મંત્રી જીતુભાઈ વાઘાણી, ઋષિકેશ પટેલ, પ્રવીણભાઈ માળી, સહકાર સચિવ આશિષ ભુતાની, અમૂલના ચેરમેન અશોક ચૌધરી સહિત મહાનુભાવો અને અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સિધ્ધપુરમાં ડોક્ટર ભીમરાવ આંબેડકરજીના મહાપરિનિર્વાણ દિન નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરાઇ

### ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતના હસ્તે સરકારી યોજનાના લાભાર્થીઓને સર્ટિફિકેટ એનાયત કરાયા

• સિદ્ધપુર

સિદ્ધપુરના ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતે આજે ભારતરત્ન ડૉ. ભીમરાવ આંબેડકરના મહાપરિનિર્વાણ દિન (૬ ડિસેમ્બર) નિમિત્તે તેમની પ્રતિમા પર પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાંજલિ અર્પી

આ પ્રસંગે બલવંતસિંહ રાજપૂતે ડૉ. આંબેડકરના જીવન અને કાર્ય પર પ્રકાશ પાડતું ભાષણ આપ્યું. તેમણે જણાવ્યું કે, ડૉ. આંબેડકર એ સમાજમાં સમાનતા, ન્યાય અને માનવતાના પ્રબળ પુરસ્કર્તા હતા. તેમના સમગ્ર જીવન સંઘર્ષ, સેવા અને બલિદાનથી ભરપૂર હતું. તેમણે ભારતના સંવિધાનના શિલ્પકાર તરીકે દેશને એક સામાજિક, રાજકીય અને આર્થિક લોકશાહીની મજબૂત નીવ આપી. શ્રી રાજપૂતે જણાવ્યું કે, બાબાસાહેબનું જીવન અને સિદ્ધાંતો આજે પણ પ્રાસંગિક છે અને તેમના વિચારોનું પાલન કરીને જ આપણે એક સમૃદ્ધ અને સમભાવી સમાજનું નિર્માણ કરી શકીએ છીએ. તેમણે ડૉ. આંબેડકરે કરેલા સામાજિક સુધારણા, મહિલા સશક્તિકરણ અને




શિક્ષણના કાર્યોને યાદ કરાવ્યા અને તેને આગળવધારવામાટે સૌનો આહ્વાન કર્યું. તેમજ ધારાસભ્યના હસ્તે સરકારી યોજનાના લાભાર્થીઓને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા. આ કાર્યક્રમમાં દિનેશભાઈ કંબોયા, હરેશભાઈ, કૌશલભાઈ જોશી, વિષ્ણુભાઈ પટેલ, વિક્રમસિંહ ઠાકોર, અભુજી ઠાકોર ,દશરથભાઈ, શૈલેષભાઈ, જશુભાઈ, અશોકભાઈ સહિત સ્થાનિક પ્રજાજનો, સમાજસેવકો, ભાજપના હોદ્દેદારો અને કાર્યકરો સહિત અનેક લોકોએ ભાગ લીધો હતો.

# ભરૂચની સત્યમ કોલેજમાં ડૉ. આંબેડકર ઓપન યુનિવર્સિટીના પ્રવેશાર્થીઓ માટે પરિચય બેઠક યોજાઈ

• ભરૂચ

તપોવન સંસ્કાર કેન્દ્ર સંચાલિત અને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના અભ્યાસકેન્દ્ર સત્યમ કોલેજ ઓફ એજ્યુકેશન (૧૧૦૬) માં ઓગષ્ટ-૨૦૨૫ ના પ્રવેશ સત્રમાં વિવિધ સર્ટીફિકેટ, ડિપ્લોમાં, સ્નાતક, અને અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે પરિચય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત શ્લોકગાન દ્વારા કરવામાં આવી હતી. સત્યમ કોલેજ ઓફ એજ્યુકેશનના ઈ.ચા. આચા ર્ય ડૉ. આશ્કા શુક્લએ સૌ પ્રવેશા ર્થીઓને આવકારી સંસ્થામાં ચાલતા વિવિધ અભ્યાસક્રમોની માહિતી આપી હતી. ત્યારબાદ સુરતનાઆસી. રીજનલ ડાયરેક્ટર દિયા કે. ત્રિવેદીએ યુનિવર્સિટીની કાર્યપ્રણાલી તેમજ ચાલતી વિવિધ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ વિષે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કેન્દ્ર સંયોજક



ડૉ. હિમાંશુ પરમારે સંસ્થામાં ચાલતા વિવિધ અભ્યાસક્રમો અને વર્ષ દરમિયાનના શૈક્ષણિક કાર્યો વિષે વિસ્તૃત માહિતી આપી હતી.

કાર્યક્રમના અંતે યોજાયેલી પ્રશ્નોત્તરી દરમિયાન વિદ્યાર્થીઓના પ્રવેશ, પરીક્ષા અને સ્વાધ્યાય કાર્ય અંગેના મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ અંગે પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન કેન્દ્રના હેડ ઓફ ડીપાર્ટમેન્ટ જાગૃતિ પંડ્યા દ્વારા પૂરા પાડવામાં આવ્યા હતા.

# ઉપરાષ્ટ્રપતિસી.પી. રાધાકૃષ્ણને અખંડ ભારતના શિલ્પીને અર્પણ કરી ભાવાંજલિ

• અમદાવાદ

ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રીમાન સી.પી. રાધાકૃષ્ણને લોહપુરુષ સરદાર પટેલ સાહેબની વિશ્વની સૌથી વિરાટ પ્રતિમાના ચરણોમાં પુષ્પાર્પણ કરીને ભાવવંદના અર્પણ કરી હતી. આ તકે ગુજરાતના રાજ્યપાલઆચાર્ય દેવવ્રતજી તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ જોડાયા હતા. ભારત રત્ન સરદાર વલ્લભભાઈ પટેલને તેમની ૧૫૦મી જન્મજયંતિના અવસરે શ્રદ્ધાંજલિ આપવા માટે કરમસદથી પ્રસ્થાન કરેલી 'સરદાર@૧૫૦ રાષ્ટ્રીય એકતા પદયાત્રા' ૧૧ દિવસના પરિભ્રમણ બાદ એકતાનગર ખાતે પહોંચી હતી. પદયાત્રાના સમાપન સમારોહની પુર્ણાહુતિ પૂર્વે ઉપરાષ્ટ્રપતિશ્રીએ જનકલ્યાણ અને રાષ્ટ્રવિકાસની કામના સાથે સરદાર સાહેબના આદર્શો, જીવનમૂલ્યો અને વિચારોને નમન કર્યા હતા.આ તકે કેન્દ્રીય પંચાયતી રાજ મંત્રી રાજીવ રંજન સિંહ, કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવિયા, કેન્દ્રીય રાજ્ય મંત્રી રક્ષા ખડસે પણ જોડાયા હતા. આ પ્રસંગે સ્ટેચ્યુ ઓફ યુનિટીના ચેરમેન મુકેશ પૂરી એ ઉપરાષ્ટ્રપતિને સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિકૃતિ અર્પણ કરી હતી.મુલાકાત વેળાએ સ્ટેચ્યુ ઓ ફ યુનિટી ના મુખ્ય કારોબારી અધિકારી અગ્નિશ્વર વ્યાસ અને અધિક કલેક્ટર સર્વ ગોપાલ બામણીયા અને નારાયણ માધુ ઉપસ્થિત રહયા હતા.

### બિહાર ભાગી છૂટેલો આરોપી આખરે ઝડપાયો

# પાનોલી પોલીસે દોઢ વર્ષથી ફરાર બળાત્કાર અને પોક્સોના ગુનાના આરોપી સંતુ મુખિયાને ભરૂચમાંથી પકડ્યો

• ભરૂચ

પાનોલી પોલીસ સ્ટેશનમાં બળાત્કાર અને પોક્સો એક્ટ હેઠળ નોંધાયેલા ગંભીર ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી પોલીસની પકડમાંથી નાસતા ફરતા આરોપીને પાનોલી પોલીસે ટેકનિકલ અને હ્યુમન સોર્સની મદદથી આખરે ઝડપી પાડ્યો છે.

પાનોલી પો.સ્ટે.માં આઈ.પી.સી. અને પોક્સો એક્ટ મુજબનો ગુનો તા. ૨૭/૦૬/૨૦૨૪ ના રોજ નોં ધાયેલ હતો. તપાસ દરમિયા ન ભોગ બનનાર મહિલા ની પૂછપરછ અને મેડિકલ ચ કાસણી કરાવતા આરોપી વિ રુદ્ધ બળાત્કારની સંલગ્ન ક લમોનો પણ ઉમેરો



કરવામાં આવ્યો હતો. આરોપી પોલીસ ધરપકડથી બચવા માટે તેના વતન બિહાર રાજ્ય ખાતે વારંવાર જગ્યા બદલતો રહેતો હતો, જેના કારણે તેને શોધવા માટે પોલીસ ટીમને ચાર વખત બિહાર મોકલવામાં આવી હતી, પરંતુ તે હાથ લાગ્યો નહોતો.

પોલીસે હ્યુમન સોર્સ અને ટેકનિકલ સોર્સ દ્વારા માહીતી મેળવી કે આરોપી સંતુ રામજી મુખિયા (ઉ.વ. ૨૧) (મૂળ રહે. ઈસ્ટ ચંપારણ, બિહાર) ભરૂચ શહેરમાં કોલેજ રોડ ઉપર રોડ કન્સ્ટ્રક્શન સાઈટમાં જે.સી.બી. ચલાવતો હતો. પોલીસે બાતમીના આધારે તાત્કાલિક જગ્યાએ જઈ તપાસ કરતા આરોપી ભરૂચ કોર્ટ રોડ નજીકથી હાજર મળી આવતા તેને પકડી પાડી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. પાનોલી પોલીસની આ કાર્યવાહી દોઢ વર્ષથી ફરાર આરોપીને પકડવામાં સફળતા અપાવે છે.

# વલસાડ LCB એ બાંસવાડા ગેંગના સાગરીતને રાજસ્થાનથી દબોચ્યો

### દુકાનોના શટર તોડનાર ગેંગ ઝડપાઈ: , ૧૦ ચોરીનો ભેદ ઉકેલાયો

• વલસાડ

વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ આંતરરાજ્ય કાર્યવાહી કરીને વાપીમાં રાત્રિ ઘરફોડ ચોરીઓ કરતી બાંસવાડા ગેંગના એક સાગરીતને ચોરીના મુદ્દામાલ સાથે ઝડપી પાડીને ગંભીર ચોરીના ગુનાનો ભેદ ઉકેલ્યો છે. ગઈ તા. ૦૨/૦૭/૨૦૨૫ ના રોજ વાપી ચાર રસ્તા પાસે આવેલ સાંઈ કોમ્પ્લેક્ષમાં રાત્રિ દરમિયાન અજાણ્યા ચોર ઈસમોએ ૧૦ દુકાનોના શટરોના તાળા તોડી પ્રવેશ કરી રોકડા રૂપિયા અને મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૧૯,૦૦૦/- ની મતાની ચોરી કરી નાસી ગયા હતા. આ અંગે વાપી ટાઉન પોલીસ સ્ટેશને ભારતીય ન્યાય સંહિતાની કલમ મુજબનો ગુનો દાખલ થયેલ હતો.

LCB સ્ટાફે સી.સી.ટી.વી. ફૂટેજ મેળવી અને ટેકનિકલ એનાલિસિસ હાથ ધરીને આરોપીઓને પકડી પાડવા માટે પ્રયત્નશીલ હતા. દરમિયાન, LCB, વલસાડને મળેલી સંયુક્ત બાતમીના આધારે, ઉપરોક્ત ગુનાઓમાં સંડોવાયેલ આરોપી રોહીત દયાલાલ વસુનીયા (ઉ.વ. ૨૦) (રહે. ભવરકોટ, જિ. બાંસવાડા, રાજસ્થાન) ને ચોરીમાં ગયેલ મોબાઈલ ફોન સાથે રાજસ્થાન ખાતેથી પકડી પાડવામાં આવ્યો હતો. પકડાયેલા આરોપી રોહિત વસુનિયાએ પૂછપરછમાં કબૂલ્યું હતું કે તેણે તેના સાગરીત મસુલ



હરસીંગ વસુનીયા (રહે. ભવરકોટ, રાજસ્થાન) સાથે મળીને આજથી આશરે પાંચેક મહિના પહેલાં વાપી ચાર રસ્તા પાસે આવેલ આ કોમ્પ્લેક્ષની દુકાનોના તાળા તોડી ચોરીને અંજામ આપ્યો હતો. LCB એ પકડાયેલા આરોપી રોહિત વસુનિયાનો કબજો વધુ તપાસ અર્થે વાપી ટાઉન પોલીસ સ્ટેશનને સુપ્રત કર્યો છે. જ્યારે અન્ય વોન્ટેડ આરોપી મસુલ વસુનિયાને પકડવા માટે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

વિરોધ

5

# યાત્રાધામ ઝંડ હનુમાનજી મંદિર ખાતે મુલાકાત લેતા જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી

### મુલાકાત દરમિયાન સ્વચ્છતા હી પ્રભુતા ને સાર્થક કરતાં જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી

• ઈરફાન મકરાણી કદવાલ

છોટાઉદેપુર જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ઝંડ હનુમાનજી મંદિર ખાતે જિલ્લા કલેક્ટરશ્રી ગાર્ગી જૈન અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી સચિન સહીત વહીવટી તંત્ર દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. મુલાકાત દરમિયાન સ્વચ્છતા હી પ્રભુતા ને સાર્થક કરતા જિલ્લા કલેકટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી સ્વયં સ્વચ્છાગ્રહમાં જોડાયા હતા. માન.પ્રધાનમંત્રીશ્રીના સ્વચ્છ ભારત સંકલ્પને સાકાર કરવા માત્ર સરકાર જ નહી સમાજનો પણ સાથ જોઈશે. આ પહેલમાં કલેકટરશ્રીએ કચરો એકત્રિત કરીને યોગ્ય નિકાલ કરવા પર્યાવરણની જાણવણી કરવા પ્રતિબદ્ધતા દર્શાવી હતી. ઝંડ હનુમાનના પ્રાંગણમાં આવેલ પ્રાચીન શિવાલયમાં પૂજાવિધિ કરી આશીર્વાદ મેળવ્યા હતા. કલેકટરશ્રીએ મંદિર ટ્રસ્ટીઓ અને સંબંધિત અધિકારીઓને મંદિર પરિસરમાં સ્વચ્છતા અને અન્ય વ્યવસ્થાઓ અંગે વધુ અમલવારી માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ મુલાકાત દરમિયાન નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી સેજલબેન સંગાડા, તાલુકા વિકાસ અધિકારીશ્રી હસમુખભાઈ રાઠવા, શ્રી ઝંડ હનુમાનજી મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી હરિયાભાઈ રાઠવા સહીત મંદિર ટ્રસ્ટના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા.



### પોલીસના પટ્ટા ઉતારવાના નિવેદન બાદ થરાદમાં બીજીવાર મેવાણી

# થરાદમાં મેવાણીના હસ્તે મેઘવંશી કોચિંગ ક્લાસ સેન્ટરનું ઉદ્ઘાટન કરાયું

રજૂઆતો | થરાદમાં મેડીકલોમાં નશીલી દવાઓ મળતી હોવાની રજૂઆતો કરાઈ



• રાજેશ જોષી : વાવ-થરાદ

થરાદ ખાતે થરાદ-સાચોર હાઈવે પર મેઘવંશી કોચિંગ ક્લાસ સેન્ટર બનાવવામાં આવ્યું છે તેના ઉદ્ઘાટન પ્રસંગે વડગામ ધારાસભ્ય મેવાણી સહિત બનાસકાંઠા સંસદ અને બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સહિત કોંગ્રેસના કાર્યકર્તાઓએ અભ્યાસ અને કોચિંગ ક્લાસની વાત કરવાને બદલે દારૂ, ડ્રગ્સની વાતો કરી હતી અને પોલીસ તેમજ ભાજપ પર આક્ષેપો કર્યા હતા.

કોંગ્રેસે વાવ-થરાદ જિલ્લાના ઢીમા ગામથી જનઆક્રોશ રેલીની શરૂઆત કરી હતી. જે રેલી દરમિયાન થરાદ પોલીસ મથકે પોલીસના પટ્ટા ઉતારવાના મેવાણીના નિવેદનથી રાજ્યભરમાં હોબાળો થયો હતો. પોલીસ પરિવારના વિરોધ બાદ કોંગ્રેસે પણ આક્રમક રીતે વિરોધ નોંધાવ્યો હતો. જે ઘટના બાદ ફરીથી ગઈકાલે (6 ડિસેમ્બર)ના રોજ મેવાણી થરાદ આવ્યા હતાં અને સભા ગજવી હતી.

ગતરોજ ડૉ. બાબાસાહેબ આંબેડકરના મહાપરિનિર્વાણ દિન નિમિત્તે વાવ-થરાદ જિલ્લાના થરાદમાં એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે રાષ્ટ્રીય દલિત અધિકાર મંચના કન્વીનર અને વડગામના ધારાસભ્ય મેવાણીના હસ્તે મેઘવંશી કોચિંગ ક્લાસ સેન્ટરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું . આ કાર્યક્રમના મુખ્ય ઉદ્દેશ્ય દેશના શોષિત, પીડિત અને વંચિત લોકોને સંવિધાન દ્વારા મળેલા અવસર, હક અને અધિકારો પ્રત્યે જાગૃત કરવાનો છે.

મેઘવંશી સેવા ટ્રસ્ટ દ્વારા આ કોચિંગ સેન્ટર શરૂ કરવામાં આવી રહ્યું છે, જે સમાજના આ વર્ગના ઉત્થાન માટે કાર્ય કરશે.
-આ સભા દરમિયાન એક મહિલાએ ઉભા થઈને રજુઆત કરી હતી કે દરેક મેડિકલ સ્ટોર્સ પર નાર્કોટિક્સ દવાઓ વેચાય છે અને તે બંધ કરાવો તો બધી સ્ત્રીઓ ની જિંદગી સુખી થાય અને વધુમાં જણાવ્યું હતું કે મારી જિંદગી બરાબર થઈ રહી છે અને મારા જેવી અનેક સ્ત્રીઓની જિંદગી બરબાદ થઈ રહી છે અને જો તમે કહો તો હું પોતે જાતે મેડિકલ સ્ટોર્સમાં ઘુસી ને નાર્કોટિક્સ વસ્તુઓ બહાર દેખાડું એટલી મારામાં તાકાત છે.

મેવાણીએ મીડિયાને નિવેદન આપતાં જણાવ્યું હતું કે હજુ પણ થરાદમાં ૨૦ ટકા કેફી પદાર્થોનું જે સેવન થઈ રહ્યું છે, વેચાણ થઈ રહ્યું છે, ખબરદાર બંધ કરી દેજો આવતી વખતે સભા નહીં કરું થરાદમાં ચક્કાજામ કરીશ અને આજુબાજુના હાઈવે બંધ કરવાનો કોલ આપીશ એ પણ ડંકાની ચોટ ઉપર કૌ છું થરાદના જ એક પોલીસ સબ ઈન્સપેક્ટર રાજ્યની સરકાર તપાસ કરે પુરી જવાબદારી સાથે કહું છું પોતે જ ડ્રગ્સનું સેવન કરે છે

### ખીરસરા રણમલજી બંધારણના ઘડવૈયા અને ભારતરત્ન

# ડો.બાબાસાહેબ આંબેડકર ને પુણ્યતિથિ નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરતા આગેવાનો



• અમદાવાદ

ખીરસરા રણમલજી બંધારણના ઘડવૈયા અને ભારતરત્ન ડો.બાબાસાહેબ આંબેડકર ને પુણ્યતિથિ નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરતા આગેવાનો લોધીકા તાલુકા ભાજપ પૂર્વ ઉપપ્રમુખ માવજીભાઈ સાગઠીયા નિવૃત્ત એ. એસ. આઈ. મુળજીભાઈ સાગઠીયા ડાયાભાઈ ભરતભાઈ સાગઠીયા ગ્રામપંચાયત સભ્ય મનજીભાઈ સાગઠીયા વાલજીભાઈ સાગઠીયા નરેશભાઈ સાગઠીયા અનુસુચિત જાતિ યુવા અગ્રણી ધીરૂભાઈ (ડી. કે.) સાગઠીયા સાગઠીયા સુરેશભાઈ સાગઠીયા આપુષ સાગઠીયા ધર્મેશભાઈ સાગઠીયા ખીમજીભાઈ સાગઠીયા સમીરભાઈ સાગઠીયા લાલજીભાઈ સાગઠીયા સહીતના ઉપસ્થિત રહેલ તેમજ ડો. બાબાસાહેબ આંબેડકર ને પુણ્યતિથિ નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરેલ

# ઉમરગામ મહિન્દ્રા શોરૂમમાંથી કારની ચોરીના ગુનામાં વોન્ટેડ બે પુણેથી પકડાયા

### મહારાષ્ટ્રથી ઝડપાઈ XUV ચોર ગેંગ: ઉમરગામ મહિન્દ્રા શોરૂમમાંથી કારની ચોરીના ગુનામાં વોન્ટેડ બે આરોપીઓ પુણેથી પકડાયા

• વલસાડ

વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ આંતરરાજ્ય ઓપરેશન પાર પાડીને ઉમરગામ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગંભીર ચોરીના ગુનામાં વોન્ટેડ બે આરોપીઓને મહારાષ્ટ્રના પુણે ખાતેથી ઝડપી પાડ્યા છે. આ ગુનામાં ગઈ તા. ૧૭/૦૬/૨૦૨૩ ના રોજ ઉમરગામ-સંજાણ રોડ પર આવેલા મહિન્દ્રા કંપનીના સેલ્સ આઉટલેટ (શોરૂમ) નું શટર તોડીને અજાણ્યા ચોર ઈસમો ટેસ્ટ ડ્રાઈવ માટે રાખેલી એક મહિન્દ્રા XUV 300 કારની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. LCB ટીમને મળેલી બાતમીના આધારે, ઉપરોક્ત ગુનામાં વોન્ટેડ આરોપીઓ (૧) રામપાલ ઉર્ફે રામા ચૌધરી (ઉ.વ. ૩૨) અને (૨) તેજારામ ઉર્ફે તેજસ ઉનેચા (ઉ.વ. ૪૨) ને પુણે, મહારાષ્ટ્ર ખાતેથી પકડી પાડવામાં આવ્યા હતા. આ બંને આરોપીઓ મૂળ રાજસ્થાનના પાલી જિલ્લાના રહેવાસી છે. LCB દ્વારા કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ પકડાયેલા બંને આરોપીઓનો કબજો વધુ તપાસ અર્થે ઉમરગામ પોલીસ સ્ટેશનને સુપ્રત કરવામાં આવ્યો છે.



## સૌરાષ્ટ્ર-કચ્છમાં 16.71 લાખ ખેડૂતોની નોંધણી, અનેક અરજીમાં ક્ષતિ-ગોટાળા

રાજકોટ, : ગુજરાતમાં દિવાળી બાદ થયેલા કમોસમી વરસાદથી ખેડૂતોએ ખેતીમાં પારાવાર નુકસાની વેઠવી પડી હતી. જે અન્વયે સરકાર દ્વારા તાત્કાલિક સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેના અંદાજ બાદ સરકારે રૂા. 10,000 કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કરીને અરજી સ્વીકારવાનું ચાલુ કરવામાં આવ્યું હતું અને બાદમાં સમયમર્યાદા લંબાવીને 5 ડિસેમ્બર કરવામાં આવી હતી, પણ ગઈકાલે પૂર્ણ થઈ છે. જેમાં સૌરાષ્ટ્ર-કચ્છના 12 જિલ્લામાં ગઈકાલે સાંજે નિયત સમય સુધીમાં 16.71 લાખ ખેડૂતોએ અરજી કરી છે. બીજી તરફ સાથે-સાથે સહાય ચુકવણું પણ ચાલુ છે, જેમાં આજે બપોર સુધીમાં 4.77 લાખ ખેડૂતોને રૂા. 1553 કરોડની સહાય ચુકવી દેવામાં આવી છે. જો કે, અનેક અરજીમાં ક્ષતિ અને ગોટાળાના કારણે સહાય રીટર્ન થઈ રહી છે. નુકસાન માટે સરકાર દ્વારા કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ખેડૂત દીઠ 2 હેક્ટર મર્યાદામાં રૂા.22,000 પ્રતિ હેક્ટર વળતર મળવાપાત્ર થાય છે. રાજકોટ અને જૂનાગઢ વિભાગ હેઠળના રાજકોટ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, સુરેન્દ્રનગર, કચ્છ, જૂનાગઢ, પોરબંદર, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર અને બોટાદ મળીને 12 જિલ્લામાં ગઈકાલની અંતિમ મુદત સુધીમાં જે-તે ગામના વીસીઈ હસ્તક 16,71,261 ખેડૂતોએ સહાય માટે અરજી કરી છે.

### ઘંટી ચાલકની બેદરકારી કે પછી અકસ્માત ???

# કેળકુવા ગામે દેણું દરાવ્યા ગયેલી યુવતીની ઓઢણી ઘંટીમાં ફસાતા કરૂણ મૃત્યુ, વિસ્તારમાં શોક

• ઈરફાન મકરાણી

તાલુકાના કેળકુવા ગામમાં એક દુર્ભાગ્યપૂર્ણ અકસ્માત બન્યો હતો જેમાં ગામની યુવતીનું સ્થળ પર જ મોત થયું હતું.વાણીયા ફળિયામાં નિવાસ કરતી જશુબેન કનુભાઈ રાઠવા રોજની જેમ ગામની સિમડા વાળી દુકાન પર દેણું દરાવ્વા ગઈ હતી. સામાન્ય રીતે, મહિલાઓ દેણું પીસ્યા બાદ તેને ઘંટી પર ઘંટીનું વજન કરવાનો કામ કરે છે. પરંતુ આ પ્રક્રિયા દરમિયાન જશુબેનની ઓઢણી ફંટાઈને ઘંટીના પટ્ટામાં ફસાઈ ગઈ. ઓઢણી પટ્ટામાં ફસાતા માથું પટ્ટા સાથે અથડાયું. ઓઢણી પટ્ટામાં ફસાતાની સાથે જ એની ખેંચાણથી જશુબેનનું માથું ઘંટીના પટ્ટા સાથે



જોરથી અથડાયું, જેના કારણે માથાના ભાગે ગંભીર અને જખમી ઈજાઓ થઈ.ઈજા એટલી ગંભીર હતી કે જશુબેનને બચાવવાનો એક પણ મોકો મળ્યો નહિ અને તેણીએ સ્થળ પર જ દમ તોડી દીધો. પોલીસ ઘટના સ્થળે દોડી; ઘટના અંગે ગામલોકોએ સાગટાળા પોલીસને જાણ કરતા પોલીસ તંત્ર ઘટના સ્થળે પહોંચ્યું, જ્યાંથી મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે સાગટાળા સરકારી હોસ્પિટલ મોકલી આપવામાં આવ્યો. આગળની તપાસ ચાલુ; આ દુર્ઘટનાને લઈને સાગટાળા પોલીસ દ્વારા અકસ્માતની નોંધ લેવામાં આવી છે અને ઘટનાની વિગતવાર તપાસ શરૂ કરવામાં આવી છે.આ ઘટનામાં કોઈપણ પ્રકારની શંકાસ્પદ પરિસ્થિતિ જણાઈ નથી, પરંતુ તમામ પાસાઓની ફરજિયાત તપાસ ચાલી રહી છે.ગામમાં શોકનું મોજું; ખેડૂત અને મજૂરી આધારિત કેળકુવા ગામમાં આ ઘટના પછી શોક અને વેદના છવાઈ ગઈ છે.પરિવારજનો સહિત ગામજનો અચાનક બનેલી આ ઘટના પરથી ચોંકી ગયા છે અને તમામે મૃતકના પરિવારને સાંત્વના વ્યક્ત કરી છે.જશુબેનના નિધનથી ગામનું એક યુવાન જીવન દુર્ઘટનાથી અચાનક છીનાઈ ગયું હોવાના દુઃખમાં આખું વિસ્તાર ગમગીન છે.

# બગોદરા-વટામણ હાઈવે પર બાઈક અને હાર્વેસ્ટર વચ્ચે અકસ્માત, માસૂમનું મોત

### દંપતી સહિત 4 ઈજાગ્રસ્ત બન્યા હતાં

• અમદાવાદ

અમદાવાદ જીલ્લાના બગોદરા-વટામણ હાઈવે પર શુક્રવારે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, જેમાં એક હસતા-રમતા પરિવાર પર આભ તૂટી પડ્યું છે. વેજલકા ગામ પાસે બાઈક અને હાર્વેસ્ટર મશીન વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં બે વર્ષના માસૂમ બાળકનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે, જ્યારે પરિવારના અન્ય ચાર સભ્યો ઈજાગ્રસ્ત થયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર એક દંપતી પોતાના ત્રણ નાના બાળકો સાથે બાઈક પર સવાર થઈને જઈ રહ્યું હતું. આ દરમિયાન બગોદરા-વટામણ હાઈવે પર આવેલા વેજલકા ગામના પાટિયા પાસે બાઈક અને હાર્વેસ્ટર મશીન વચ્ચે જોરદાર અકસ્માત થયો હતો.



અકસ્માત એટલો ગંભીર હતો કે ઘટનાસ્થળે જ અફરાતફરી મચી ગઈ હતી. આ દુર્ઘટનામાં બાઈક પર સવાર બે વર્ષના બાળકનું દુઃખદ મોત નીપજ્યું હતું. જ્યારે બાઈક ચાલક પતિ-પત્ની અને અન્ય બે બાળકોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. અકસ્માતને પગલે સ્થાનિક લોકો અને રાહદારીઓ મદદ માટે દોડી આવ્યા હતા. ઘટનાની જાણ થતા જ બગોદરા અને વટામણ લોકેશનની 108 ઈમરજન્સી એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પ્રાથમિક તબક્કે તમામ ઈજાગ્રસ્તોને બગોદરાના સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા.

જોકે, ઈજાઓ ગંભીર હોવાથી અને વધુ સારવારની જરૂરિયાત જણાતા, તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક અમદાવાદની હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે. પોલીસ તપાસ શરૂ અકસ્માતની જાણ થતા કોઠ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી, ટ્રાફિક ક્લિયર કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**આક્રોશ** — ડભોઇ કમોસમી વરસાદના કારણે ખેડૂતોની હાલત બદત્તર બની હતી

# છેલ્લા 20 દિવસથી ખેતરોમાં ઉજાગરા કરી રહ્યા છે ટેકાના ભાવે ખરીદી ઓછી થઈ રહી છે

### ડભોઈ તાલુકામાં ડાંગર પકવતા ખેડૂતો હાલમાં ભારે સંકટમાં મુકાયા

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઇ કમોસમી વરસાદના કારણે ખેડૂતોની હાલત ખરાબ હતી જ્યારે હવે છેલ્લા 20 દિવસથી ખેતરોમાં ઉજાગરા કરી રહ્યા છે ટેકાના ભાવે ખરીદી ઓછી થઈ રહી છે અને વેપારીઓ ખેડૂતો પાસે સસ્તા ભાવે ડાંગર માંગી રહ્યા છે ડભોઈના ડાંગર પકવતા ખેડૂતો નિરાશ: ટેકાના ભાવ અને ધીમી ખરીદીથી સંકટ ડભોઈ તાલુકામાં ડાંગર પકવતા ખેડૂતો હાલમાં ભારે સંકટમાં મુકાયા છે. સરકાર દ્વારા જાહેર કરાયેલા ટેકાના ભાવની સામે વેપારીઓ દ્વારા અપાતા અત્યંત નીચા ભાવને કારણે ખેડૂતો મુંઝવણમાં છે, અને સરકારની ધીમી ખરીદી પ્રક્રિયાને લીધે તેમનો પાક ખેતરોમાં જ પડ્યો રહ્યો છે.મુખ્ય સમસ્યાઓ:ભાવમાં મોટો તફાવત:સરકારનો ટેકાનો ભાવ: આશરે 7,200 પ્રતિ ક્વિન્ટલ (અંદાજિત). વેપારીઓનો ભાવ: માત્ર 4,000 થી 4,500 પ્રતિ ક્વિન્ટલ.ખેડૂતોનું કહેવું છે કે વેપારી જે ભાવ આપી રહ્યા છે, તેટલો ખર્ચ તો એક વીંઘામાંથી હાર્વેસ્ટર દ્વારા ડાંગર કાઢવાનો જ થઈ જાય છે, તેથી નીચા ભાવે વેચવાથી મોટું આર્થિક નુકસાન થશે. સરકારની ધીમી ખરીદી:સરકારે ટેકાના ભાવે ખરીદી તો શરૂ કરી છે, પરંતુ દરરોજ માત્ર




10 થી 15 ટ્રેક્ટર જેટલા માલની જ ખરીદી થઈ રહી છે, જે તાલુકાના મોટા ઉત્પાદન સામે અપૂરતી છે.આ ધીમી ગતિને કારણે છેલ્લા 20 દિવસથી ખેડૂતોના ખેતરોમાં ડાંગરના પાકના મોટા ઢગલા પડ્યા રહ્યા છે. મંડળીઓનો અસહકાર:ખેડૂતોએ જણાવ્યું છે કે સ્થાનિક ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ (મંડળીઓ) પણ ખેડૂતો પાસેથી ડાંગર લેવા તૈયાર નથી, જેનાથી તેમની મુશ્કેલી વધુ વધી છે. ખેડૂતોની માંગ:પાક તૈયાર હોવા છતાં વેચાયો ન હોવાથી ખેડૂતોમાં ભારે નિરાશા ફેલાઈ છે. ડભોઈના ડાંગર પકવતા ખેડૂતોએ સરકાર સમક્ષ એક જ માંગણી કરી છે: સરકારે તાત્કાલિક ધોરણે ટેકાના ભાવે ડાંગરની ખરીદીની માત્રા (કોટા) વધારવી જોઈએ અને ઝડપથી કાર્યવાહી કરીને વધુમાં વધુ ખેડૂતોનો માલ ખરીદવો જોઈએ, જેથી તેમને નીચા ભાવે વેચવાની ફરજ ન પડે. જો આ મુદ્દે વહેલી તકે ઉકેલ ન આવે તો ખેડૂતોને આર્થિક રીતે મોટો ફટકો પડશે અને તેમની હાલત કફોડી બનશે. ડભોઈ તાલુકામાં કમોસમી વરસાદના કારણે હાલ પાકમાં મોટું નુકસાન થયું છે અને છેલ્લા 20 દિવસ ખેતરોમાં અમારી ડાંગર પડેલી છે હાલ વેપારીઓ આવે છે નક્કી કરીને જાય છે પણ ખરીદી કરતા નથી પછી વેપારીઓને કહીએ છીએ વેપારી કહે છે કે માલ કણકી થઈ જાય છે માલ ખરાબ છે જેના કારણે માલની ખરીદી કરતા નથી અને માલ સસ્તા ભાવે 4,000 થી 5,000 માં માલ માંગે છે ખેડૂત કેવી રીતે આપે ટેકાના ભાવ સરકારે 7200 રાખેલા છે પણ ખેડૂતને 10 થી 15 ટ્રેક્ટર લેવામાં આવે છે જેના કારણે માલ અમારો હાલ બગડી રહ્યો છે વહેલી તકે વેપારીઓ ખરીદી કરે અને સરકાર કોઈ આયોજન કરીને અમારી માંગ છેવિકેશભાઈ જામસીંગભાઈ રાઠવા ખેડૂત ઢાલનગર વસાહત છેલ્લા 20 દિવસથી રાત દિવસ ઉજાગરા કરીએ છી સમગ્ર ખેતરોમાં ડાંગર નો પાક પડી રહ્યો છે વેપારીઓ 15 દિવસ પહેલા નક્કી કરીને ગયા હતા ત્યારબાદ માલ લેવા આવતા નથી જેના કારણે રાત દિવસ ઉજાગરા કરવા પડે છે વેપારીઓ પણ ખેડૂતોને સસ્તા ભાવે માલ ખરીદી કરવાની વાતો કરે છે હવે ચારથી પાંચ હજાર રૂપિયામાં આ માલ લેવાશે એવું કહે છે સરકાર હવે ખેડૂતોના હિતમાં કંઈ કરે તેવી ખેડૂતો અમારી માંગ છે હાલ તો ખેડૂતોનું વેપારીઓ શોષણ કરી રહ્યા હોય એવું લાગી રહ્યું છે ડાંગર કાઢવાની મજૂરી 4000 રૂપિયા જેવી થાય છે મશીનથી થોડું દુઃખી થઈ ગયો છે રિઝવાન ભાઈ નૂર ભાઈ વાડીવાલા ખેડૂત ડભોઈ

### વૉટ્સએપ પર 'HY' મેસેજ અને ત્યારબાદ વૉટ્સએપ કોલ આવ્યો

# મહિલાને રિફંડની લાલચમાં 86 હજારનો ચૂનો, ઠગોએ વોટ્સએપ પર લિંક મોકલી મોબાઈલ કર્યો હેક

**છેતરપિંડી** — સાયબર ફ્રોડ અંગેની વિગત સાયબર હેલ્પલાઇન 1930 ઉપર નોંધાવી હતી




અમદાવાદ :અમદાવાદ શહેરના ચાંદખેડા વિસ્તારમાં ન્યુ મહાવીર નગર સોસાયટીમાં રહેતા 53 વર્ષીય મહિલા સાયબર ફ્રોડનો ભોગ બન્યા છે. ઓનલાઈન ગ્રોસરી એપ્લિકેશન ઝેપ્ટોના રિફંડના બહાને અજાણ્યા ઠગે તેમની પાસેથી 'CUSTOMER SUPPORT.APK' નામની ફાઈલ ડાઉનલોડ કરાવીને તેમનો મોબાઈલ હેક કર્યો હતો. આ ટેકનિકલ છેતરપિંડીના માધ્યમથી ફરિયાદીના વિવિધ બેંક ખાતા અને ક્રેડિટ કાર્ડમાંથી કુલ રૂપિયા 86,481ની ઓનલાઈન છેતરપિંડી થઈ હોવાની ફરિયાદ નોંધાઈ છે. આ ઘટના અંગે મળતી માહિતી મુજબ, ફરિયાદી સરલાબેને ઝેપ્ટો મારફતે શાકભાજીનો ઓર્ડર આપ્યો હતો. ડિલિવરી બોય દ્વારા ઓર્ડર મુજબ નાના રીંગણના બદલે મોટા રીંગણની ડિલિવરી આપવામાં આવી હતી. જ્યારે ફરિયાદીએ આ રીંગણ પરત લઈ જવા જણાવ્યું ત્યારે ડિલિવરી બોયે રિટર્ન લેવાનો ઈનકાર કરીને કસ્ટમર કેરમાં વાત કરી લેવા જણાવ્યું હતું. ત્યારબાદ, ફરિયાદીએ ગૂગલમાં ઝેપ્ટોના કસ્ટમર કેરનો નંબર સર્ચ કર્યો, જેના પરથી તેમને એક નંબર મળ્યો. આ નંબર પર કોલ કરતાં, સામાવાળાએ બીજો એક નંબર આપી તેના પર કોલ કરવાનું કહ્યું હતું. ફરિયાદીએ જ્યારે બીજા નંબર પર કોલ કર્યો, ત્યારે તેમને વૉટ્સએપ પર 'HY' મેસેજ અને ત્યારબાદ વૉટ્સએપ કોલ આવ્યો. કોલ કરનારે પોતાનું નામ વિકાસ જણાવીને પોતે ઝેપ્ટોમાંથી બોલતો હોવાની ઓળખ આપી. વિકાસે ફરિયાદીને વિશ્વાસમાં લઈને જણાવ્યું કે તે એક એપ્લિકેશન મોકલે છે, જે ઓપન કરીને ચેક કરવાથી રૂપિયા 24નું રિફંડ તેમના ખાતામાં તુરંત જમા થઈ જશે. ઠગ વિકાસ દ્વારા ફરિયાદીને વૉટ્સએપ પર 'CUSTOMER SUPPORT.APK' નામની એક ફાઈલ મોકલવામાં આવી હતી. જે ફરિયાદીએ તેના કહેવા મુજબ ઓપન કરી હતી. એપ્લિકેશન ઓપન થયા બાદ, વિકાસે ફરિયાદીને તેમના વિવિધ બેંક ખાતાઓમાં યુપીઆઈ પિન નાખીને રિફંડની રકમ ચેક કરવાનું કહ્યું હતું. ફરિયાદીએ બેંક ઓફ બરોડાના બે ખાતા અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના એક ખાતામાં યુપીઆઈ પિન નાખીને ચેક કર્યું, પરંતુ કોઈ રકમ જમા થઈ નહોતી. જ્યારે ફરિયાદીએ વિકાસને આ અંગે જાણ કરી કે કોઈ રકમ આવી નથી, ત્યારે ઠગ વિકાસે તાત્કાલિક કોલ કટ કરી દીધો હતો. તેના બેથી ત્રણ મિનિટની અંદર જ ફરિયાદીના મોબાઈલ પર તેમના બેંક ખાતામાંથી અને ક્રેડિટ કાર્ડમાંથી પૈસા ડેબિટ થવાના મેસેજ આવવાના શરૂ થઈ ગયા હતા. APK ફાઈલના માધ્યમથી ઠગોએ ફરિયાદીના મોબાઈલનો એક્સેસ મેળવીને તેમના ખાતામાંથી નાણાં ઉપાડી લીધા હતા. આ ઓનલાઈન છેતરપિંડીમાં ફરિયાદી સરલાબેને જુદા જુદા ખાતાઓમાંથી કુલ રૂપિયા 86,481 ગુમાવ્યા હતા. છેતરપિંડીનો ભોગ બન્યા બાદ ફરિયાદીએ1 જુલાઈ 2025 ના રોજ સાયબર ફ્રોડ અંગેની વિગત સાયબર હેલ્પલાઈન 1930 ઉપર નોંધાવી હતી. ત્યારબાદ તેમણે આ સમગ્ર મામલે કાયદેસરની કાર્યવાહી કરવા માટે ફરિયાદ દાખલ કરી છે.

# AI આધારિત સર્ચ સુવિધાવાળું સેન્ટ્રલ પોર્ટલ કરવા જઈ રહી છે શરૂ

### બોર્ડ નિગમના જે પણ સરકારી દસ્તાવેજની જરુર હશે તે એક જ પોર્ટલ પર ઉપલબ્ધ થશે

ગાંધીનગર : સરકાર હવે બધા કાયદા, નિયમો, ઠરાવો, જાહેરનામાં અને પરિપત્રોને એક જ સ્થળે ઉપલબ્ધ કરાવવા AI આધારિત સર્ચ સુવિધાવાળું સેન્ટ્રલ પોર્ટલ કરવા જઈ રહી છે શરૂ રાજ્ય સરકાર દ્વારા સરકારી કામકાજમાં પારદર્શિતા, કાર્યક્ષમતા અને માહિતીની સરળતા વધારવા માટે એક મોટો પગલું ભરાયું છે. સરકાર હવે બધા કાયદા, નિયમો, ઠરાવો, જાહેરનામાં અને પરિપત્રોને એક જ સ્થળે ઉપલબ્ધ કરાવવા એઆઈ (AI) આધારિત સર્ચ સુવિધાવાળું સેન્ટ્રલ પોર્ટલ શરૂ કરવા જઈ રહી છે. આ પોર્ટલને કાર્યક્ષમ બનાવવા માટે, તમામ વિભાગોને પાંચ દિવસની અંદર તમામ સરકારી દસ્તાવેજોની સંપૂર્ણ વિગતો ગુગલ શીટમાં અપડેટ કરવા તાકીદના આદેશો આપવામાં આવ્યા છે. વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા મુજબ મુખ્યમંત્રી કાર્યાલયે દરરોજ પ્રગતિની સમીક્ષા શરૂ કરી દીધી છે. રાજ્ય સરકારના તમામ વિભાગોને



પોર્ટલ માટે જરુરી માહિતી પૂરી પાડવા જણાવવામાં આવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર દરેક વિભાગને તાત્કાલીક આ કામગીીર પૂર્ણ કરવા આદેશ કરાયો છે. જેમાં બધા કાયદા / નિયમ / GR / પરિપત્રોની માહિતી અપડેટ કકવા, જૂના, રદ કરાયેલા અને બિનઅસરકારક દસ્તાવેજો દૂર કરવા, મહત્વના અને અપલોડ ન થયેલા ઠરાવો ઉમેરવા આદેશ કરાયો છે. સેન્ટ્રલ પોર્ટલના આધારે સામાન્ય નાગરિકને જરુરી દસ્તાવેજની જ્યારે જરુર પડે ત્યારે એક ક્લિકમાં મળી રહેશે. સરકારના નિર્ણયોમાં ટ્રાન્સપરન્સી અને જવાબદારી વધશે. બેવડાં ઠરાવો અને ગૂંચવણ દૂર થશે. એઆઈ આધારિત સર્ચથી ઝડપી અને ચોક્કસ માહિતી ઉપલબ્ધ થશે. સૂત્રો અનુસાર, CMO દ્વારા આ પ્રોજેક્ટને પ્રાથમિકતા આપવામાં આવી છે અને દૈનિક મોનિટરિંગ થઈ રહ્યું છે, તેથી વિભાગો ભારે દોડધામમાં લાગી ગયા છે. આ પોર્ટલ શરૂ થયા પછી રાજ્યના તમામ કાયદા અને શાસન નિર્ણયો એક જ પ્લેટફોર્મ પર, સરળ શોધ વ્યવસ્થા સાથે, ઉપલબ્ધ થઈ જશે – જે ભારતમાં અનોખો પ્રયાસ બની શકે છે. ગુજરાત સરકારના વિવિધ વિભાગો દ્વારા થતા ઠરાવ, પરિપત્ર, જાહેરનામાની કોપી કે વિગત જોઈતી હોય તો અત્યારે જે તે વિભાગની વેબસાઈટ પર જવું પડે છે અને ત્યાંથી તે માહિતી મેળવવી પડે છે. અરજદારે જે કોઈ વિભાગની માહિતી જોઈતી હોય તે વિભાગની વેબસાઈટ પર જવું પડતું હોય છે. જે હવે AI આધારિત પોર્ટલ શરૂ થયા બાદ તમામ વિભાગની માહિતી એક જ જગ્યાએથી મળી રહેશે. અરજદારે રાજ્ય સરકારના વિભાગો કે બોર્ડ નિગમના જે પણ સરકારી દસ્તાવેજની જરુર હશે તે એક જ પોર્ટલ પર ઉપલબ્ધ થશે.

# ગાંધીનગરની ગિફ્ટ સિટીમાં જમીન રોકાણના બહાને ૯૯ લાખની છેતરપિંડી

• ગાંધીનગર

ગાંધીનગરમાં એક જ સેક્ટરમાં રહેતા અને વર્ષો જૂના મિત્રએ ગિફ્ટ સિટીમાં જમીન અપાવવાની લાલચ આપીને પોતાના મિત્ર અને અન્ય બે વ્યક્તિઓ પાસેથી કુલ રૂ. ૯૯ લાખ પડાવી લીધા હોવાની ઘટના સામે આવી છે. પૈસા પરત માંગતા આરોપીએ જાનથી મારી નાખવાની ધમકી આપીને ફોન બંધ કરી દીધો હતો. હાલમાં જમીન સંબંધીત છેતરપિંડીની ઘટનાઓ વધી રહી છે ત્યારે ગાંધીનગરમાં પણ વધુ એક ઘટના બહાર આવી છે. જે ઘટના સંદર્ભે પોલીસે સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે શહેરના સેક્ટર ૧૩-બી ખાતે રહેતા અને સ્કૂલવાન ચલાવતા પ્રદીપસિંહ અમરસિંહ ચાવડા દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી કે, તેઓ વર્ષ ૨૦૦૮થી તેમના જ સેક્ટરમાં રહેતા નિર્મલસિંહ ભરતસિંહ જાડેજાને ઓળખતા હતા અને મિત્ર બન્યા હતા. શરૂઆતમાં નિર્મલસિંહે પૈસાની જરૂર હોવાનું કહીને પ્રદીપસિંહ પાસેથી ટુકડે-ટુકડે રૂ. ૨.૨૦ લાખ ઉછીના લીધા હતા અને ત્યારબાદ માર્ચ ૨૦૨૩માં બેંક મારફતે રૂ. ૧.૮૦ લાખ લીધા હતા. ત્યારબાદ નિર્મલસિંહે લાલચ આપી હતી કે તેણે ગાંધીનગર ગિફ્ટ સિટીમાં જમીન લીધી છે અને તેમાં રોકાણ કરવાથી સારો નફો મળશે. મિત્ર પર વિશ્વાસ મૂકીને પ્રદીપસિંહે રોકડા રૂ. ૭.૨૦ લાખ અને ઓનલાઈન ટ્રાન્સફર મળી કુલ રૂ. ૯ લાખ આપ્યા હતા. એટલું જ નહીં નિર્મલસિંહે માત્ર પ્રદીપસિંહ જ નહીં પરંતુ તેમના ઓળખીતા અન્ય બે લોકોને પણ ગિફ્ટ સિટીની જમીનના નામે શીશામાં ઉતાર્યા હતા. જેમાં પેથાપુર ખાતે રહેતા અરવિંદસિંહ દશરથસિંહ ચાવડા પાસેથી ૮૦ લાખ અને વાસણ ગામના યશવંતસિંહ પ્રહલાદજી ચાવડા પાસેથી દસ લાખ રૂપિયા લીધા હતા. આમ ૯૯ લાખ રૂપિયા મેળવી લીધા બાદ રૂપિયા પરત માગતા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને આખરે ફરાર થઈ જતા સેક્ટર ૭ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવા પામી છે.

## બાવળામાં રેલવે લાઇન પાસે વીજપોલ પર યુવકે ગળેફાંસો ખાઇ જીવ ટૂંકાવ્યો

અમદાવાદ : જિલ્લાના બાવળામાં શુક્રવારે સમી સાંજે એક અત્યંત અરેરાટીભરી ઘટના સામે આવી હતી, જેમાં એક યુવકે રેલવે લાઈન નજીક આવેલા વીજપોલ પર ગળેફાંસો ખાઈને પોતાનું જીવન ટૂંકાવી લીધું હતું. વીજપોલ પર લટકતી લાશ જોઈને સ્થાનિક લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો અને તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી હતી. જોકે હજુ સુધી એ ચોક્કસ થઈ શક્યું નથી કે આ હત્યા છે કે આત્મહત્યા. જોકે ખુલાસો તો તપાસ બાદ જ થશે. મળતી માહિતી મુજબ, મૃતક યુવકની ઓળખ બાવળાના બોરડીવાળી જીન વિસ્તારમાં રહેતા શિવમ રમેશભાઈ ઠાકોર તરીકે થઈ છે. શુક્રવારે સાંજના સમયે, રેલવે ટ્રેક પાસેથી પસાર થતા કેટલાક લોકોની નજર વીજપોલ પર લટકી રહેલા મૃતદેહ પર પડતા તેમણે તાત્કાલિક પોલીસને જાણ કરી હતી.ઘટનાની ગંભીરતાને જોતાં, બાવળા પોલીસ અને રેલવે પોલીસ બંનેનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરીને મૃતદેહને વીજપોલ પરથી નીચે ઉતાર્યો હતો અને પોસ્ટમોર્ટમ માટે નજીકની સરકારી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં આત્મહત્યા પાછળનું કારણ હજુ સુધી અકબંધ છે. શિવમ ઠાકોરે કયા સંજોગોમાં આટલું મોટું પગલું ભર્યું તે જાણવા માટે પોલીસે તેના પરિવારજનો અને મિત્રોની પૂછપરછ શરૂ કરી છે. હાલમાં, પોલીસે અકસ્માત મૃત્યુનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

### દહેગામમાં માતાએ પાપ છુપાવવા નવજાતને તરછોડ્યું

# નિઃસંતાન દંપતીએ દેવદૂત બની હોસ્પિટલ ખસેડી નવજીવન આપ્યું

• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં મમતાને લજવતો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. વાસણા-હરસોલી રોડ ઉપર એક નિષ્ઠુર માતાએ પોતાનું પાપ છુપાવવા માટે નવજાત બાળકને તરછોડી દેતાં લોકોમાં ફિટકારની લાગણી વરસી રહી છે. જોકે દહેગામના ગણેશપુરા ગામના એક નિઃસંતાન દંપતીએ આ બાળકના દેવદૂત બની સમયસર મદદ કરી તેને નવજીવન આપી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ આવ્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આજે દહેગામના ગણેશપુરા ગામના મોહનસિંહ રાઠોડ વાસણા-હરસોલી રોડ ઉપરથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન તેઓ નજીકની ઝાડીમાં લઘુશંકા અર્થે ગયા હતા. ત્યારે અચાનક જ તેમને નાના બાળકનો રડવાનો અવાજ આવ્યો હતો.


આથી કુતૂહલવશ તેમણે વનરાજી વિસ્તારમાં તપાસ કરતાં એક ગોદડીમાં લપેટેલું નવજાત બાળક જીવન-મરણના જોલા ખાઈ રહ્યું હતું. આ દ્રશ્ય જોઈને નિઃસંતાન મોહનસિંગ આશ્ચર્યચકિત થઈ હચમચી ઊઠ્યા ગયા હતાં. તેમણે પળવારમાં જ નવજાત બાળકને તેડી લીધું હતું અને આસપાસના વિસ્તારમાં નિષ્ઠુર જનેતાની શોધખોળ આદરી હતી. પરંતુ નિષ્ઠુર માતાનો કોઈ પત્તો લાગ્યો નહોતો. જોકે બાળક માતાની હૂંફ વિના સતત રડી રહ્યું હોવાથી મોહનસિંગે માનવતા દાખવી તેને લઈને તુરંત પોતાના ઘરે ગયા હતા. જ્યાં મોહનસિંગની પત્નીએ પણ બાળકની સંભાળ લીધી હતી. બાદમાં દંપતી તાત્કાલિક રિક્ષામાં નવજાત શિશુને દહેગામની જાણીતી પ્રથમ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ ગયા હતા. જોકે મોહનસિંગના કહેવા મુજબ જાણીતી પ્રથમ હોસ્પિટલ દ્વારા બાળક માટે જગ્યા નહીં હોવાનું કહીને તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ જવાની સલાહ આપવામાં આવી હતી. આથી નિઃસંતાન દંપતીએ પળનો પણ વિલંબ કર્યા વિના તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ બોલાવી લીધી હતી અને 108 એમ્બ્યુલન્સ મારફતે દંપતી નવજાત શિશુને લઈને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે આવી પહોંચ્યું હતું.

અહીં ફરજ પરના ડોક્ટરોએ તાત્કાલિક સારવાર શરૂ કરીને હાલમાં બાળકને સઘન સારવાર આપવામાં આવી રહી છે. આ બનાવની જાણ થતાં દહેગામ પોલીસે પણ નિષ્ઠુર માતાને શોધવા માટે ઘનિષ્ઠ તપાસનો દોર હાથ ધર્યો છે. પોલીસે બાળકની માતાને શોધી કાઢવા માટે આસપાસના વિસ્તારમાં પૂછપરછ અને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

### ભારતીય ચલણની કિંમત બજાર દ્વારા નક્કી થતી હોવાની પણ ગવર્નરની સ્પષ્ટતા

# રૂપિયાના વિનિમય માટે રિઝર્વ બેન્ક કોઈ ભાવ ટાર્ગેટ રાખતી નથી : મલ્હોત્રા

**વર્તમાન વર્ષના પ્રથમ નવ મહિનામાં રિઝર્વ બેન્કે ખુલ્લા બજારમાં ૩૮ અબજ ડોલરનું વેચાણ કર્યું છે. ગયા વર્ષના ઓકટોબરમાં ડોલરનો ભાવ ૮૪ રૂપિયા જેટલો હતો જે હાલમાં ૯૦ ડોલરની ઉપર પહોંચી ગયો છે.**



મુંબઈ : દેશની ફોરેક્સ બજારમાં રૂપિયાના વિનિમય માટે રિઝર્વ બેન્ક કોઈ ભાવ મર્યાદા નક્કી કરતી નથી અને બજારની સ્થિતિ પ્રમાણે રૂપિયાને તેનું સ્તર શોધી કાઢવા છૂટ છે એમ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના ગવર્નર સંજય મલ્હોત્રાએ શુક્રવારે પત્રકારો સમક્ષ બોલતા જણાવ્યું હતું.

વર્તમાન સપ્તાહમાં ડોલર સામે રૂપિયો તૂટીને ૯૦ની સપાટીની બહાર ચાલી ગયા બાદ રિઝર્વ બેન્કની મળેલી પ્રથમ પત્રકાર પરિષદમાં પુછાયેલા પ્રશ્નના જવાબમાં ગવર્નરે જણાવ્યું હતું કે, રૂપિયા માટે અમે કોઈ ભાવ સ્તર અથવા મર્યાદા નક્કી કરતા નથી. રૂપિયાનો ભાવ બજારને નક્કી કરવા દઈએ છીએ. બજારો ખાસ કરીને, લાંબે ગાળે, એકદમ સક્ષમ છે એવું અમે માનીએ છીએ. દેશની ફોરેક્સ માર્કેટ એકદમ ઊંડી માર્કેટ છે.રૂપિયાના ભાવમાં વધઘટ થતી રહે છે. બજારમાં વધુ પડતી અથવા અસામાન્ય વોલેટિલિટી ઘટાડવાનો રિઝર્વ બેન્કનો હમેશા પ્રયાસ રહે છે. અને અમારા આ પ્રયાસો ચાલુ જ રહેશે એમ તેમણે સ્પષ્ટ કર્યું હતું.નિકાસ મોરચે ભારત સામે ઊભા થયેલા પડકારોને ધ્યાનમાં રાખી આરબીઆઈ ડોલર સામે રૂપિયાની નબળાઈને હાલમાં સહન કરવાનું ચાલુ રાખશે તેવો ફોરેક્સ બજારમાં મત પ્રવર્તી રહ્યો છે. વેપાર ખાધ ઉપરાંત ડોલર ઈન્ફલોસ ધીમો પડવાને પરિણામે ભારત ને હાલમાં બહારી આંચકા લાગી રહ્યા છે.વર્તમાન વર્ષના પ્રથમ નવ મહિનામાં રિઝર્વ બેન્કે ખુલ્લા બજારમાં ૩૮ અબજ ડોલરનું વેચાણ કર્યું છે. ગયા વર્ષના ઓકટોબરમાં ડોલરનો ભાવ ૮૪ રૂપિયા જેટલો હતો જે હાલમાં ૯૦ ડોલરની ઉપર પહોંચી ગયો છે.

ટ્રમ્પના પ્રમુખપદ હેઠળ અમેરિકા દ્વારા વેપારમાં સંરક્ષણવાદની નીતિને કારણે રૂપિયા પર દબાણ જોવા મળી રહ્યું છે.

# કુપોષણ મુદ્દે સરકારની કરૂણ નિષ્ફળતા, કોઈ પ્રતિબદ્ધતા નહીં, કોઈ નીતિ નહીં,

### રાજ્ય સરકાર માત્ર જાહેરાતો, ઝુંબેશો અને પ્રેઝન્ટેશન સુધી સીમિત રહી ગઈ

• ગાંધીનગર

કુપોષણ મુદ્દે સરકારની કરૂણ નિષ્ફળતા, કોઈ પ્રતિબદ્ધતા નહીં, કોઈ નીતિ નહીં, ગુજરાતમાં લાખો નાના બાળકો કુપોષણથી પીડાય છે, રાજ્ય સરકાર માત્ર જાહેરાતો, ઝુંબેશો અને પ્રેઝન્ટેશન સુધી સીમિત રહી ગઈ છે. કુપોષણ સામે લડવા માટે માત્ર જાહેરાતો નહીં, સાચી પ્રતિબધ્ધતા, મજબૂત નીતિ અને જવાબદાર અમલ જરૂરી છે. ગુજરાતના ભવિષ્યને કાગળ પર નહીં, જમીન પર બચાવવાનો સમય આવી ગયો છે. અર્થતંત્રના આંકડાઓ વધી રહ્યા છે, પરંતુ બાળકોનો શરીર વિકાસ અને ભવિષ્ય ઘટી રહ્યો છે. કુપોષણ અંગે રાજ્ય સરકારની ચિંતન શિબિર અંગે રાજ્યના કેબીનેટ મંત્રીશ્રી નરેશ પટેલે દબાતા સત્ય સાથે ઉજાગર કરેલી વાસ્તવિકતા પર પ્રતિક્રિયા આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં જાહેર થયેલ અહેવાલ મુજબ છેલ્લા દશ વર્ષમાં મહિલાઓમાં કુપોષણમાં ૫૫ ટકા થી વધીને ૬૫ ટકા નોંધાયું છે અને ૪૫ ટકા બાળકો કુપોષિત છે. રાજ્યના હજારો નહીં, પરંતુ લાખો નાના બાળકો આજે પણ પૂરતા પોષણથી વંચિત છે. અર્થતંત્રના આંકડાઓ વધી રહ્યા છે, પરંતુ બાળકોનો શરીર વિકાસ અને ભવિષ્ય ઘટી રહ્યો છે. આ સૌથી ચેતવનાર અસમાનતા છે. એક તરફ સતત વધતી જતી કુપોષણની સમસ્યા, બીજી તરફ મધ્યાહન ભોજન યોજના, આંગણવાડીમાં પોષણક્ષમ ખોરાક અને અન્ન સુરક્ષા કાયદા હેઠળ મળવા પાત્ર માતાઓને પોષણક્ષમ આહારમાં મોટા પાયે ગેરરીતિ, ગોલમાલ અને ભ્રષ્ટાચારની સાથે ગુણવત્તામાં સદંતર અભાવ સીધા જવાબદાર છે.

૦-૫ વર્ષની વયમાં ૩૬ ટકા કરતાં વધુ બાળકોની ઊંચાઈ ઉંમર મુજબ નથી વધતી જે દીર્ઘકાલીન કુપોષણનું સ્પષ્ટ નિશાન છે. દર પાંચમાં એક બાળક વજન મુજબ અન્ડર વેઈટ છે. જે શરીરના મૌલિક વિકાસમાં ગંભીર વિઘ્ન છે. રાજ્યમાં ૫.૪૦ લાખથી વધુ બાળકો કુપોષિત હોવાનું સ્વયં સરકારના આંકડા દર્શાવે છે. સૌથી દુઃખદ વાસ્તવિકતા ૩ લાખથી વધુ આદિવાસી બાળકો કુપોષણના સીધા પ્રભાવ હેઠળ છે. બે વર્ષમાં રૂા. ૫૦૯ કરોડ ખર્ચ કર્યા પછી પણ પરિણામોમાં ઊંડો ફાળો દેખાતો નથી. મુદ્દો પૈસાનો નથી, પરંતુ અમલનો છે. કુપોષણ માત્ર આંકડાઓની સમસ્યા નથી, તે માતાના ગર્ભથી લઈ શાળાના દરવાજા સુધીના સમગ્ર વિકાસની તૂટેલી ઝાંઝર છે. આંતરિક વિસ્તારોમાં આંગણવાડી સેવાઓ અધૂરા સ્ટાફ, અનિયમિત અને પોષક આહારની અનિયમિતતા સાથે સંઘર્ષ કરે છે. મહિલાઓમાં ઊંચુ એનિમિયાનું પ્રમાણ આ સમસ્યાને વધુ ગંભીર બનાવે છે. ગુજરાતના દરેક બાળકનું સ્વાસ્થ્ય રાજ્યની સૌથી મોટી જવાબદારી છે. જેમાં ભાજપ સરકાર સદંતર નિષ્ફળ છે.

કુપોષણ મુદ્દે સરકારની કરૂણ નિષ્ફળતા, કોઈ પ્રતિબદ્ધતા નહીં, કોઈ નીતિ નહીં, ગુજરાતમાં લાખો નાના બાળકો કુપોષણથી પીડાય છે અને રાજ્ય સરકાર માત્ર જાહેરાતો, ઝુંબેશો અને પ્રેઝન્ટેશન સુધી સીમિત રહી ગઈ છે. આ અત્યંત સંવેદનશીલ મુદ્દે સરકારની નિષ્ફળતા સ્પષ્ટ, કડવી અને અણમાફ કરી શકાય તેવી છે. આદિવાસી, ગ્રામ્ય અને પછાત વિસ્તારોમાં કુપોષણ વધતું જાય છે, પરંતુ સરકારની નજર માત્ર જાહેરાતો પર છે. કુપોષણ સામે લડવા માટે માત્ર જાહેરાતો નહીં, સાચી પ્રતિબધ્ધતા, મજબૂત નીતિ અને જવાબદાર અમલ જરૂરી છે. ગુજરાતના ભવિષ્યને કાગળ પર નહીં, જમીન પર બચાવવાનો સમય આવી ગયો છે.

# ગાંધીનગરમાં દબાણો હટાવવા હવે પોલીસ મેદાને : ટ્રાફિકને અડચણરૂપ રોડ ઉપર ઉભા રહેતા લારી ગલ્લા સામે ગુના દાખલ થશે

• ગાંધીનગર



દબાણો હટાવવા હવે પોલીસ મેદાને : ટ્રાફિકને અડચણરૂપ રોડ ઉપર ઉભા રહેતા લારી ગલ્લા સામે ગુના દાખલ થશે ગાંધીનગર શહેરમાં રોડ ઉપર ઉભા રહીને ટ્રાફિકને અડચણ ઊભી કરતા લારી ગલ્લાના સંચાલકો સામે હવે પોલીસે ગુના દાખલ કરવાનું શરૂ કર્યું છે. જે અંતર્ગત બે જ દિવસમાં ઈન્ફોસિટી અને સેક્ટર-૭ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બારથી વધુ વેપારીઓ સામે ગુના દાખલ કરવામાં આવ્યા છે અને આગામી દિવસમાં પણ આ કાર્યવાહી ચાલુ રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે. રાજ્યના પાટનગર ગાંધીનગર શહેરમાં મુખ્ય માર્ગો પરના દબાણનો પ્રશ્ન વર્ષોથી વણઉકેલાયેલો રહ્યો છે જેના કારણે ટ્રાફિકની સમસ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ખાસ કરીને સવાર અને સાંજના સમયે રસ્તાઓ પર લારી-ગલ્લાં અને ખાણીપીણી બજાર ઊભાં થઈ જવાથી વાહનવ્યવહાર ખોરવાય છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, હવે ગાંધીનગર પોલીસે દબાણકર્તાઓ સામે કડક હાથે કામ લેવાનો નિર્ણય કર્યો છે અને જે અંતર્ગત ટ્રાફિકને અડચણરૂપ બનતા લારી-ગલ્લાંના સંચાલકો સામે ગુના દાખલ કરવાની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ કડક પગલાંના ભાગરૂપે તાજેતરમાં ઈન્ફોસિટી વિસ્તારમાં નોનવેજ અને ઈંડાની લારી ચલાવતા સાત જેટલા વેપારીઓ સામે ગુના દાખલ કરવામાં આવ્યા હતા. આ કાર્યવાહીને આગળ ધપાવતા સેક્ટર ૭ પોલીસે પણ ગઈકાલે સેક્ટર ૧૫ સહિતના વિસ્તારોમાં સમાન કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ દ્વારા અપનાવવામાં આવેલું આ નવું ગુના દાખલ કરવાનું હથિયાર દબાણકર્તાઓ માટે એક ચેતવણીરૂપ છે. શહેરના અન્ય વિસ્તારોમાં પણ આ ઝુંબેશ ચાલુ રહેશે, તેવી પોલીસની રણનીતિ છે. પોલીસની આ આક્રમક કાર્યવાહીના પગલે હાલમાં દબાણ કરનારાઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે. બીજી તરફ, શહેરના નાગરિકો અને વાહનચાલકોએ પોલીસની આ કાર્યવાહીને આવકારી છે કારણ કે આનાથી મુખ્ય માર્ગો પરની ભીડ અને ટ્રાફિકની સમસ્યામાં મોટી રાહત મળવાની આશા છે. પોલીસના આ કડક વલણથી ગાંધીનગરના રાજમાર્ગો હવે વધુ ખુલ્લા અને ટ્રાફિક મુક્ત બને તેવી શક્યતા છે.

# સગીરાનુ અપહરણ કરી દુષ્કર્મ ગુજારનાર આધેડ માસાને છેલ્લા શ્વાસ સુધીની સજા

### કલોલ એડિશનલ સેશન્સ કોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો

• ગાંધીનગર

ગાંધીનગર જીલ્લાના કલોલ તાલુકાના ગામમાં પાંચ વર્ષ અગાઉ સગીરવયની ભાણીને લગ્નની લાલચ આપીને આધેડ માસા દ્વારા તેનું અપહરણ કરી લેવામાં આવ્યું હતું અને દસ દિવસ સુધી અલગ અલગ સ્થળે લઈ જઈ બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. જે કેસ કલોલ એડિશનલ સેશન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલની દલીલોને ગ્રાહ્ય રાખીને આરોપીને છેલ્લા શ્વાસ સુધીની સજાનો હુકમ કરવામાં આવ્યો છે. હાલમાં સમાજમાં સગીરભાઈની દીકરીઓને પ્રેમ જાળમાં ફસાવીને તેમની ઉપર બળાત્કાર ગુજારવાની ઘટનાઓ વધી રહી છે ત્યારે કલોલ તાલુકાના ગામમાં પણ પાંચ વર્ષ અગાઉ સગા માસા દ્વારા ભાણેજ સગીરાને પ્રેમ જાળમાં ફસાવી લગ્ન કરવાની લાલચ આપીને અપહરણ કરી બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. આ કેસની મળતી વિગતો પ્રમાણે મૂળ પાટણ જિલ્લાના હારીજ તાલુકાના વેજવાડા ગામમાં રહેતા આધેડ દલપતજી પ્રભાતજી ઠાકોર દ્વારા કલોલ વિસ્તારના ગામમાં રહેતી તેની સાળીની દીકરી સાથે પ્રેમના પાઠ ભણાવીને તેણીને લગ્ન કરવાની લાલચ આપી હતી અને ગત ૨૯ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ રાત્રિના સમયે તેણીનું અપહરણ કરીને અલગ અલગ સ્થળે દસ દિવસ સુધી રાખીને શારીરિક શોષણ કર્યું હતું. જે સંદર્ભે કલોલ તાલુકા પોલીસ મથકમાં આરોપી સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને આ કેસ કલોલ કોર્ટમાં પાંચમાં એડિશનલ સેશન્સ જજશ્રી બી.આર રાજપૂતની કોર્ટમાં ચાલ્યો હતો. જ્યાં સરકારી વકીલ આર.એલ પટેલ તથા જીગ્નેશ જોશી હાજર રહ્યા હતા અને તેમણે ભોગ બનનાર સગીરા, તપાસ અધિકારીની જુબાની લીધી હતી તેમજ ૨૭ દસ્તાવેજી પુરાવા અને ૧૧ સાહેદોની જુબાની લીધી હતી. કેસના અંતે જીગ્નેશ જોશીએ કોર્ટમાં દલીલ કરી હતી કે, સમાજમાં આ પ્રકારની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે અને તેમાં પણ ભોગ બનનારના ગાડયનની ભૂમિકામાં માસા હોવા છતાં તેણે આ ગુનો આચાર્યો છે. જેથી સમાજમાં દાખલો બેસે તે પ્રકારે સજા થવી જોઈએ. જે દલીલોને ગ્રાહ્ય રાખીને કોર્ટ દ્વારા આરોપી દલપતજી પ્રભાતજી ઠાકોરને ઉંમર કેદ એટલે કે જીવનના છેલ્લા શ્વાસ સુધીની સજાનો હુકમ કરવામાં આવ્યો છે.

## રાશીફળ (તા.07-12-2025)

**મેષ (અ.લ.ઈ)** આજે તમારી ઊર્જા વધેલી રહેશે, જેના કારણે નવા કામોની શરૂઆત સફળ થઈ શકે છો કાર્યસ્થળ પર તમારી ક્ષમતા અને નેતૃત્વની પ્રશંસા થશે.

**વૃષભ (બ.વ.ઉ)** આર્થિક બાબતોમાં વિચારપૂર્વક નિર્ણય લેવો વધુ સારું રહેશોા પરિવાર સાથે સમય પસાર કરવાથી માનસિક શાંતિ મળશે

**મિથુન (ક.છ.ઘ)** આજે તમારી વાતચીત અને તર્કશક્તિ તમને નવા અવસર આપશે કોઈ અસરકારક વ્યક્તિ સાથે સંપર્ક બની શકે છે કાર્યક્ષેત્રમાં પ્રગતિના સંકેતો છે

**કર્ક (ડ.હ)** ભાવનાત્મક રીતે દિવસ સામાન્ય રહેશે, પરંતુ પરિવારનો આધાર તમને મજબૂત બનાવશે જૂના મામલાઓમાં સકારાત્મક બદલાવ શક્ય છે

**સિંહ (મ.ટ)** અટકેલા કામો પૂર્ણ થવાના યોગ છે તમારી વિશ્લેષણ શક્તિ મજબૂત રહેશે, જેના કારણે નિર્ણય યોગ્ય દિશામાં જશે આર્થિક બાબતોમાં સ્થિરતા આવશે

**કન્યા (પ.ઠ.ણ)** તમારી નેતૃત્વ ક્ષમતા અને આત્મવિશ્વાસ વધશે કાર્યસ્થળ પર લોકો તમારી સલાહને મહત્વ આપશે તમને કોઈ મહત્વપૂર્ણ જવાબદારી મળી શકે છે, જેને કારણે માન-સન્માન વધશે

**તુલા (ર.ત)** કામ અને પરિવાર વચ્ચે સંતુલન રાખવું ખૂબ જરૂરી રહેશે આજે ખર્ચમાં વધારો થઈ શકે છે, છતાં મનની શાંતિ રહેશે સંબંધોમાં મીઠાશ વધશે કાર્યક્ષેત્રમાં નવા અવસર મળી શકે છે

**વૃશ્ચિક (ન.ય)** તમારી ઊંડી વિચારશક્તિ આજે કોઈ મહત્વપૂર્ણ સમસ્યાનો ઉકેલ આપી શકે છે ધનલાભના અવસર ઉભા થઈ રહ્યા છે કાર્યક્ષેત્રમાં તમારી દ્રઢતા તમને આગળ વધારશે સંબંધોમાં વિશ્વાસ મજબૂત થશે

**ધન (ભ.ધ.ફ.ઢ)** પ્રવાસ અથવા નવી જગ્યાએ જવાના અવસર મળી શકે છે શીખવા અને અનુભવ મેળવવાનો દિવસ છે કામમાં પ્રગતિના સંકેતો છે પરિવાર અથવા મિત્રોનો સહયોગ મળશે આરોગ્ય સારું રહેશે

**મકર (ખ.જ)** કઠોર મહેનતથી સફળતા મેળવવાનો સમય છે આજે તમે તમારી જવાબદારીઓ સફળતાપૂર્વક નિભાવશો ધનલાભની શક્યતા છે કાર્યસ્થળ પર તમારા પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે

**કુંભ (ગ.શ.સ.ષ)** તમારા નવા વિચારો અને સૃજનાત્મકતા લાભદાયક સાબિત થઈ શકે છે ટેકનોલોજી અથવા નવીનતા સંબંધિત કામોમાં સફળતા મળશે મિત્રોનો સહકાર મળશે પરિવારમાં ખુશહાલી રહેશે

**મીન (દ.ચ.ઝ.થ)** કલ્પનાશક્તિ અને સર્જનાત્મકતા આજે ઊંચાઈએ રહેશે કોઈ શુભ સમાચાર મળવાની શક્યતા છે કામમાં મન લાગશે અને નવા અવસર મળી શકે છે.

# ડભોઈ ગંભીર સમસ્યા રાણાની હોટલથી વસઈ વાલા જીના મેન રોડ પર લાઈનના ડમ્ફર પાસે મોટું ગાબડું



• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ ગંભીર સમસ્યા રાણાની હોટલથી વસઈ વાલા જીના મેન રોડ પર લાઈનના ડમ્ફર પાસે મોટું ગાબડું, વાહનચાલકો અને રાહદારીઓ માટે જોખમ ડભોઈના રાણાની હોટલથી વસઈ વાલા જીના મેન તરફ જતા મહત્વના માર્ગ પર ડમ્ફર પાસે મોટું ગાબડું (ખાડો) પડી જતાં સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ ગાબડું એટલું મોટું છે કે તેના કારણે અવારનવાર નાના-મોટા અકસ્માતો સર્જાઈ રહ્યા છે. શું છે સમગ્ર મામલો: ડભોઈ, રાણાની હોટલથી વસઈ વાલા જીના મેન તરફ જતો રસ્તો. સમસ્યા: લાઈન નાખવાના ડમ્ફર નજીક રસ્તા પર મોટો ખાડો (ગાબડું) પડી ગયો છે. રાહદારીઓ અને વાહનચાલકો અજાણતા આ મોટા ખાડામાં પડી જવાના બનાવો બની રહ્યા છે .ખાડામાં પડવાથી લોકોને ઈજાઓ થવાના બનાવો પણ વધ્યા છે.ખાસ કરીને રાત્રિના સમયે આ જોખમ વધુ ગંભીર બને છે.

નગરપાલિકા સમક્ષ ઉગ્ર માંગ! સ્થાનિક વાહનચાલકો અને રહીશોની ડભોઈ નગરપાલિકા સમક્ષ એક જ અને તાત્કાલિક માંગ છે કે ડભોઈ નગરપાલિકા આ જીવલેણ ખાડાને તાત્કાલિક ધોરણે પૂરીને સમારકામની કામગીરી હાથ ધરે, જેથી કરીને કોઈ મોટી દુર્ઘટના સર્જાય નહીં. 'જો વહેલી તકે આ ગાબડું પૂરવામાં નહીં આવે, તો આ રસ્તો અવરજવર માટે સંપૂર્ણપણે જોખમી બની શકે છે અને લોકોના જીવને પણ મોટું જોખમ થઈ શકે છે.



# ભરૂચ નગર સેવા સદન હસ્તકનું સરદાર શોપિંગ સેન્ટર અત્યંત જર્જરિત, ૧૫૦ વેપારીઓ જોખમમાં

ભરૂચ નગર સેવા સદન હસ્તકનું સરદાર શોપિંગ સેન્ટર અત્યંત જર્જરિત




• ભરૂચ

ભરૂચ નગર સેવા સદન હસ્તકનું સરદાર શોપિંગ સેન્ટર હાલમાં અત્યંત જર્જરિત અને ખખડધજ હાલતમાં છે, જેના કારણે તેમાં આવેલી ૧૫૦ જેટલી દુકાનોના વેપારીઓ અને રોજના હજારો મુલાકાતીઓ જોખમમાં મુકાયા છે. લોખંડી પુરુષ સરદાર પટેલની ૧૫૦મી જયંતીની દેશભરમાં ઉજવણી થઈ રહી છે, ત્યારે સરદારના નામ સાથે જોડાયેલું આ શોપિંગ સેન્ટર તંત્રની બેદરકારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

આ શોપિંગ સેન્ટરમાં દર થોડા દિવસે સ્લેબના પોપડા પડી રહ્યા છે. શોપિંગ સેન્ટરના દાદરો પણ ખખડધજ થઈ ગયા છે. આ સેન્ટરમાં ૧૫૦થી વધુ દુકાનો છે, જેમાં ધંધા-રોજગાર ઉપરાંત ટ્યુશન ક્લાસિસ અને ખાનગી ઓફિસો પણ ચાલે છે.

રોજના હજારો લોકોની અવરજવર હોવા છતાં, અહીં ગંદકી, જોખમી રીતે લટકતા વીજ વાયરો અને જર્જરિત માળખું ગંભીર સુરક્ષા પ્રશ્ન ઊભો કરે છે.

સરદાર શોપિંગ સેન્ટરના પ્રમુખ સુરેશ પટેલે દુઃખ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, આ અંગે નગરપાલિકાને વારંવાર રજૂઆતો કરવા છતાં આજ દિન સુધી કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી.

વેપારીઓએ વહેલી તકે નગર સેવા સદન દ્વારા આ જર્જરિત શોપિંગ સેન્ટરનું સમારકામ હાથ ધરવામાં આવે તેવી તાત્કાલિક માંગણી કરી છે.

આનંદ

ભરૂચવાસીઓ માટે સારા સમાચાર:

# નલ સે જલ યોજના હેઠળ રૂ.ચાર કરોડની પાણીની ટાંકીનું લોકાર્પણ

**લાંબા સમયથી ચાલી આવતી પાણીની સમસ્યા હળવી થશે**

• ભરૂચ

ભરૂચ નગરપાલિકા વિસ્તારમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના - જનભાગીદારી યોજના (નલ સે જલ) અંતર્ગત શહેરના પાણી પુરવઠા માળખાને મજબૂત બનાવવા માટે એક મહત્વપૂર્ણ પ્રોજેક્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટમાં રૂ. ૪ કરોડના ખર્ચે 'જે.બી. મોદી પાર્ક તથા ડુંગરીણી ઊંચી ટાંકી'નું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ ટાંકીનો મુખ્ય ઉદ્દેશ્ય નગરના પાણી પુરવઠા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવાનો છે, જેનાથી સ્થાનિક વિસ્તારમાં પાણી સપ્લાય સિસ્ટમમાં સુધારો થશે. આ નવી ટાંકી કાર્યરત થવાથી આસપાસના રહેવાસીઓને સમયસર અને પૂરતા પ્રમાણમાં શુદ્ધ પાણી મળવાનું શરૂ થશે, જેનાથી તેમની લાંબા સમયથી ચાલી આવતી પાણીની સમસ્યા હળવી થશે.

આ ટાંકીનું લોકાર્પણ ભરૂચના ધારાસભ્ય રમેશ મિસ્ત્રીના હસ્તે રીબીન કાપીને કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ વિભૂતિબા યાદવ, મુખ્ય અધિકારી હરીશ અગ્રવાલ, સેનેટરી ચેરમેન હેમેન્દ્ર પ્રજાપતિ, વિપક્ષ નેતા સમસાદઅલી સૈયદ સહિત અનેક આગેવાનો, અધિકારીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.



તમામ વર્ગોને ઉત્સાહભેર યોગદાન આપવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી

# પોરબંદર જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી દ્વારા સશસ્ત્ર સેના ધ્વજદિનની ભવ્ય ઉજવણી

ઉત્સાહ | સશસ્ત્ર સેના ધ્વજદિનના ભંડોળમાં ફાળો આપી વિધિવત્ શુભારંભ કરાવ્યો

• વિરમભાઈ કે.આગઠ

પોરબંદર જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી દ્વારા સશસ્ત્ર સેના ધ્વજદિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી જે પ્રસંગે પોરબંદર જિલ્લા કલેક્ટર શ્રી એસ.ડી. ધાનાણી, IAS એ સશસ્ત્ર સેના ધ્વજદિનના ભંડોળમાં ફાળો આપી વિધિવત્ શુભારંભકરાવ્યો હતો. સશસ્ત્ર સેના ધ્વજદિની ઉજવણી સમગ્ર દેશભરમાં દર વર્ષે ૦૭ ડિસેમ્બર ના રોજ કરવામાં આવે છે અને આ પ્રસંગે કલેક્ટરશ્રીએ દેશરક્ષક સૈનિકોની શૌર્યગાથા, બલિદાન અને સમર્પણને સમર્પિત એવા સશસ્ત્ર સેના ધ્વજદિનની ઉજવણીના ભાગરૂપે તમામ નાગરિકોને યથાશક્તિ ફાળો આપી આ પુણ્ય કાર્યમાં સહભાગી થવા અપીલ કરી હતી. કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે આ





ફાળા નો ઉપયોગ દેશની સરહદો પર દુશ્મન સામે લડીને પોતાના પ્રાણ ન્યોછાવર કરનારા શહીદ સૈનિકોના પરિવારજનોને સહાય, સેવા નિવૃત્ત અને વિદ્યમાન સૈનિકોના કલ્યાણ, યુદ્ધ અથવા આતંકવાદી કાર્યવાહી દરમિયાન ઘાયલ થયેલા જવાનોની પુનર્વસવાટ તથા અન્ય વિવિધ કલ્યાણકારી યોજનાઓ માટે કરવામાં આવે છે. જેથી દેશરક્ષક જવાનોના બલિદાનને સન્માન આપવા પોરબંદર જિલ્લામાં ધ્વજદિન નિમિત્તે સમાજના તમામ વર્ગોને ઉત્સાહભેર યોગદાન આપવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે. સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી દ્વારા સશસ્ત્ર સેના ધ્વજદિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી જે પ્રસંગે પોરબંદર જિલ્લા કલેક્ટર શ્રી એસ.ડી. ધાનાણી, IAS એ સશસ્ત્ર સેના ધ્વજદિનના ભંડોળમાં ફાળો આપી વિધિવત્ શુભારંભકરાવ્યો હતો. સશસ્ત્ર સેના ધ્વજદિની ઉજવણી સમગ્ર દેશભરમાં દર વર્ષે ૦૭ ડિસેમ્બર ના રોજ કરવામાં આવે છે અને આ પ્રસંગે કલેક્ટરશ્રીએ દેશરક્ષક સૈનિકોની શૌર્યગાથા, બલિદાન અને સમર્પણને સમર્પિત એવા સશસ્ત્ર સેના ધ્વજદિનની ઉજવણીના ભાગરૂપે તમામ નાગરિકોને યથાશક્તિ ફાળો આપી આ પુણ્ય કાર્યમાં સહભાગી થવા અપીલ કરી હતી. કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે આ ફાળા નો ઉપયોગ દેશની સરહદો પર દુશ્મન સામે લડીને પોતાના પ્રાણ ન્યોછાવર કરનારા શહીદ સૈનિકોના પરિવારજનોને સહાય, સેવા નિવૃત્ત અને વિદ્યમાન સૈનિકોના કલ્યાણ, યુદ્ધ અથવા આતંકવાદી કાર્યવાહી દરમિયાન ઘાયલ થયેલા જવાનોની પુનર્વસવાટ તથા અન્ય વિવિધ કલ્યાણકારી યોજનાઓ માટે કરવામાં આવે છે. જેથી દેશરક્ષક જવાનોના બલિદાનને સન્માન આપવા પોરબંદર જિલ્લામાં ધ્વજદિન નિમિત્તે સમાજના તમામ વર્ગોને ઉત્સાહભેર યોગદાન આપવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

ભરૂચ જિલ્લા ભાજપ અનુસૂચિત જાતિ મોરચા દ્વારા

# ડૉ. બાબાસાહેબ આંબેડકરના પરિનિર્વાણ દિને શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો



• ભરૂચ

ભરૂચમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરના પરિનિર્વાણ દિન નિમિત્તે ભારતીય જનતા પાર્ટી અનુસૂચિત જાતિ મોરચા, ભરૂચ જિલ્લા દ્વારા શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના ભાગરૂપે રેલવે સ્ટેશન નજીક આવેલી ડૉ. આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી, જેમાં રાજ્યકક્ષાના મંત્રીઓ મનીષા વકીલ અને હેમાલી બોઘાવાલા વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા.

પુષ્પાંજલિ બાદ ભરૂચ ડિસ્ટ્રિક્ટ કોઓપરેટીવ બેંક ખાતે એક સભા યોજવામાં આવી હતી. આ સભામાં ડૉ. બાબા સાહેબ આંબેડકરના જીવનચરિત્ર, તેમના ઉમદા વિચારો અને રાષ્ટ્ર નિર્માણમાં તેમના અસાધારણ યોગદાન અંગે વિગતે ચર્ચા કરવામાં આવી હતી. રાજ્યક ક્ષાના મંત્રીઓએ આ રાષ્ટ્રીય દિશા નિર્માણમાં ડૉ. આંબેડકરની ભૂમિકાનો વિગતવાર ઉલ્લેખ કર્યો હતો.


આ પ્રસંગે ભરૂચ જિલ્લા ભાજપ પ્રમુખ પ્રકાશ મોદી, ધારાસભ્ય રમેશ મિસ્ત્રી, શહેર પ્રમુખ જતીન શાહ, અનુસૂચિત જાતિ મોરચાના જિલ્લા પ્રમુખ કનુ પરમાર સહિત ભાજપના અન્ય હોદ્દેદારો, અગ્રણીઓ અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરને ભાવભીની શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

# ભરૂચની દીકરીએ સમગ્ર જગતમાં નામ રોશન કર્યું

## ૧૭ વર્ષની ઈશ્વરી શાહ ભારતની સૌથી નાની ટેરોટ કાર્ડ રીડર બની વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો

• ભરૂચ

ભરૂચ શહેરની ૧૭ વર્ષીય ઈશ્વરી ગોપાલ શાહે ભારતની સૌથી નાની ઉંમરની ટેરોટ કાર્ડ રીડર બનીને વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કરીને ભરૂચનું નામ આંતરરાષ્ટ્રીય સ્તરે ગૌરવશાળી બનાવ્યું છે. બાળપણથી જ ઈશ્વરીને આધ્યાત્મિકતા, સંગીત અને માનસિક ઊર્જામાં ઊંડો રસ રહ્યો છે. ધોરણ ૧૦ દરમિયાન જાણીતા ટેરોટ રીડર અવની દેહડિયાથી પ્રેરિત થઈને તેણે આ ક્ષેત્રમાં સઘન મહેનત કરી અને આ સિદ્ધિ હાંસલ કરી છે.



ઈશ્વરીનું સ્વપ્ન વિશ્વભ્રમણ કરીને વિવિધ દેશોની સંસ્કૃતિ અને લોકોના સ્વભાવને સમજવાનું છે. તે સાથે જ, તે ભારતના યુવાનોમાં સંસ્કારસભર અને વિકાસલક્ષી વિચારસરણી વિકસાવવામાં પણ પોતાનું યોગદાન આપવા ઈચ્છે છે.

યુવાનોને સંદેશ આપતાં ઈશ્વરીએ જણાવ્યું હતું કે, 'આજની પેઢીએ સોશિયલ મીડિયા અને મોબાઈલના વધુ પડતા ઉપયોગથી દૂર રહેવું જોઈએ. જો યુવાનો વહેલી સવારે ઉઠવાની ટેવ પાડી પોતાની આંતરિક ઊર્જા, સર્જનાત્મકતા અને સકારાત્મકતા પર ધ્યાન કેન્દ્રિત કરે, તો જીવનની મોટી તકો સરળતાથી પ્રાપ્ત કરી શકાય છે.'

ઈશ્વરીની આ સિદ્ધિએ તેના પરિવાર, મિત્રો અને સમગ્ર ભરૂચ જિલ્લામાં ગર્વ અને આનંદની લાગણી પ્રસરાવી છે. તેણે સાબિત કર્યું છે કે નાની ઉંમરે પણ દ્રઢ નિશ્ચય, ઈચ્છાશક્તિ અને ક્ષમતા દ્વારા મોટા સપના સાકાર કરી શકાય છે.

# અમદાવાદની નારણપુરામાં 108 ટીમે સફળતાપૂર્વક કરી રસ્તામાં પ્રસૂતિ : માતા અને બાળક સુરક્ષિત

• અમદાવાદ

અમદાવાદ શહેરના નારણપુરા વિસ્તારમાં 108 ઈમર્જન્સી ટીમે ઝડપી કામગીરી કરીને એક ગર્ભવતી મહિલાની રસ્તામાં જ સફળતાપૂર્વક પ્રસૂતિ કરાવી હતી. 108 ટીમને ગઈકાલે સાંજે 8:14 કલાકે નારણપુરા વિસ્તાર માટે કોલ મળ્યો હતો અને 8:17 કલાકે ટીમ ઘટના સ્થળે એટલે કે શાસ્ત્રીનગર બ્રિજ નીચે પહોંચી ગઈ હતી. EMT પાયલ જોશી અને પાઈલટ સિદ્ધરાજ ભાઈ જાલાએ સ્થળ પર પહોંચતા દર્દી રિક્ષામાં હોવાનું જણાયું હતું. 25 વર્ષીય દર્દી રેખાબેન નવિનભાઈ નાનોમા ત્રીજી પ્રસૂતિના ગર્ભમાં હતાં. ટીમે દર્દીની તાત્કાલિક તપાસ કરતાં વાયટલ્સ નોર્મલ જોવા મળ્યા અને બાળકનું માથું બહાર દેખાઈ રહ્યું હતું. ટીમે રિલેટિવ્સ અને પાઈલટની મદદથી દર્દીને સુરક્ષિત રીતે 108 એમ્બ્યુલન્સમાં શિફ્ટ કર્યા હતા અને ત્યારબાદ તરત જ પ્રસૂતિ પ્રક્રિયા શરૂ કરી. થોડા જ સમયમાં બાળકનો સુરક્ષિત રીતે જન્મ કરાવવામાં આવ્યો. EMT ટીમે નવજાતને સાફ કરી તેને ગરમ રાખવાની તમામ જરૂરી તકેદારી લઈને ત્યારબાદ રિલેટિવ્સને સોંપ્યો. ઘટનાના સમયે ERCP લાઈન વ્યસ્ત હોવાથી ટીમને લાઈન ન મળી, પરંતુ તમામ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ માતા અને બાળકને નજીકની હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા. 108 ટીમની ઝડપભરી કામગીરીને કારણે માતા અને બાળક બંને અત્યારે સુરક્ષિત છે.

**માતા અને બાળ આરોગ્યની સુરક્ષા માટે મહત્ત્વપૂર્ણ**

# ગરેજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ANC કેમ્પ યોજાયો: 35 ગર્ભવતી બેનોની તપાસ કરાઈ

• વિરમભાઈ કે.આગઠ

પોરબંદર તાલુકાના ઘેડ વિસ્તારમાં આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) ગરેજ ખાતે આજ રોજ વિશેષ ANC (Ante-natal Care) કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ગર્ભવતી મહિલાઓને સુવિધા જનક સ્થળે સંપૂર્ણ તબીબી તપાસ મળી રહે તે હેતુથી આયોજિત આ કેમ્પમાં કુલ ૩૫ ANC બહેનોનું HB, BP, લોહીના ટેસ્ટ સહિતની તમામ જરૂરી તપાસો કરવામાં આવી હતી. કેમ્પમાં ગાયનેકોલોજિસ્ટ ડૉ. આશિષ કુછડીયા અને ડૉ. ગરીબા સાહેબ હાજર રહી મહિલાઓની તબીબી ચકાસણી કરી હતી. ગર્ભાવસ્થા દરમ્યાન સમયસર



તપાસનું મહત્વ સમજાવીને પૂરતી કાળજી, પૌષ્ટિક આહાર, આયર્ન-કેલ્શિયમ ટેબ્લેટ્સ અને રોગપ્રતિકારક વ્યવસ્થાઓ અંગે માર્ગદર્શન અપાયું હતું. સુપરવાઈઝર નારણભાઈ ચોટલીયાનાં સંકલન હેઠળ આ કેમ્પ સફળતાપૂર્વક યોજાયો હતો. બળેજ, ઉતડા, રાતીયા, નવીબંદર અને ચિકાસા તથા ગરેજ ગામની ANC બહેનોને કેમ્પ સુધી સલામત રીતે લાવવા-મુકવા માટે ખીલખીલાટ વાહન વ્યવસ્થા દ્વારા સેવા આપવામાં આવી હતી. કેમ્પની કામગીરીમાં PHCના તમામ સ્ટાફ – FHW, CHO, MPW સહિત સમગ્ર તબીબી ટીમે સક્રિય ભાગ ભજવ્યો હતો. ખાસ કરીને સુપરવાઈઝર નારણભાઈ ચોટલીયાએ આયોજનથી લઈને વ્યવસ્થાપન સુધી તમામ કામગીરીમાં જહેમત ઉઠાવી કેમ્પને સફળ બનાવવા માટે વિશેષ મહેનત કરી હતી. આ કેમ્પ દ્વારા વિસ્તારમાં ગર્ભવતી બહેનોને ઉચ્ચ ગુણવત્તાની આરોગ્ય સેવાઓ મળી રહી છે, જે માતા અને બાળ આરોગ્યની સુરક્ષા માટે મહત્ત્વપૂર્ણ સાબિત થઈ રહી છે.

# ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટીની સંશોધક ટીમને મહિલા રોગ સંબંધિત સંશોધન માટે 'ગેટ્સ ફાઉન્ડેશન' દ્વારા રૂ.૦૧ કરોડથી વધુની સહાય







• ગાંધીનગર

રાજ્ય સરકાર સંચાલિત ગાંધીનગર સ્થિત ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી-GBUના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. રોહિણી નાયરના નેતૃત્વમાં સંશોધકોની એક ટીમ ગેટ્સ ફાઉન્ડેશનના ફંડિંગ હેઠળ 'હેવી મેન્સ્ટ્રુઅલ બ્લીડિંગ'-HMB એટલે કે, મહિલાઓને માસિક ધર્મ દરમિયાન થતા વધુ પડતા રક્તસ્ત્રાવ માટે RNA-આધારિત ડાયગ્નોસ્ટિક અને સારવાર માટે સંશાધનો વિકસાવવા પર કાર્ય કરવામાં આવશે. આ સંશાધનો પોસાય તેવા સ્કેલેબલ અને ન્યૂનતમ ઈન્વેઝિવ હશે.ખાસ કરીને અંતરિયાળ વિસ્તારોમાં મહિલાઓ માટે વહેલા નિદાન, વ્યક્તિગત સારવાર અને મેન્સ્ટ્રુઅલ હેલ્થ મેનેજમેન્ટમાં સુધારો લાવવાના ઉદ્દેશ્ય સાથે આ પ્રોજેક્ટને 'ગેટ્સ ફાઉન્ડેશન ગ્રાન્ડ ચેલેન્જીસ સપોર્ટ' હેઠળ સ્વીકારવામાં આવ્યો છે. જેના માટે ગેટ્સ ફાઉન્ડેશન દ્વારા અંદાજે રૂ. ૧.૩ કરોડની આર્થિક સહાય મંજૂર કરવામાં આવી છે.ડૉ. રોહિણી નાયરે જણાવ્યું હતું કે, "ગેટ્સ ફાઉન્ડેશને ફેબ્રુઆરી 2025માં 'ગ્રાન્ડ ચેલેન્જીસ' ફંડિંગ કોલ શરૂ કર્યો હતો, જેમાં મહિલાઓના સ્વાસ્થ્યની ગંભીર પરંતુ ઘણીવાર અવગણના પામતી સમસ્યા 'હેવી મેન્સ્ટ્રુઅલ બ્લીડિંગ' (HMB) ના નિવારણ માટે નવીન અભિગમો આમંત્રિત કર્યા હતા. ફાઉન્ડેશન મૂલ્યાંકન માટે બે-તબક્કાની પ્રક્રિયા અનુસરે છે, જેની શરૂઆત કન્સેપ્ટ નોટ અથવા લેટર ઓફ ઈન્ક્વાયરી (LOI) થી થાય છે, ત્યારબાદ શોર્ટલિસ્ટ થયેલા ઉમેદવારો પાસેથી સંપૂર્ણ પ્રપોઝલ મંગાવવામાં આવે છે જેથી વૈશ્વિક સ્વાસ્થ્ય પ્રાથમિકતાઓ અને વૈજ્ઞાનિક ચોકસાઈ (Scientific Rigour) જળવાઈ રહેશે. HMBની સમસ્યા નિવારણ અને તેની જાગૃતિ માટે GBU દ્વારા મહિલાઓને પણ આમંત્રિત કરાશે જેથી અન્ય મહિલાઓ માટે મદદરૂપ સાબિત થઈ શકે.આ અભ્યાસ અમદાવાદની ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર (IKDRC)ના ઓબ્સ્ટેટ્રિક્સ અને ગાયનેકોલોજી વિભાગના ડીન અને હેડ ડૉ. રોહિના અગ્રવાલના સહયોગથી હાથ ધરવામાં આવશે.સંશોધનના ભાગરૂપે, ડૉ. અગ્રવાલ દર્દીઓની ઓળખ (Patient Identification) અને તબીબી મૂલ્યાંકનમાં મુખ્ય ભૂમિકા ભજવશે, જ્યારે ડૉ. નાયરની લેબોરેટરી મહિલાઓના સ્વાસ્થ્ય સંશોધન પર ધ્યાન કેન્દ્રિત કરશે. તેઓ ખાસ કરીને ગર્ભ સ્થાપનમાં વારંવાર થતી નિષ્ફળતા (RIF - Repeated Implantation Failure) અને એન્ડોમેટ્રિઓસિસ (Endometriosis) પર તેમજ HMB માટે RNA-આધારિત પરવડે તેવા અને ન્યૂનતમ ઈન્વેઝિવ સંશાધનો વિકસાવવા સક્રિયપણે કાર્ય કરશે. ડૉ. નાયરે વધુમાં જણાવ્યું હતું કે, "આજે HMB વિશ્વભરની લાખો મહિલાઓને અસર કરે છે, જેના કારણે એનેમિયા, કાર્યક્ષમતામાં ઘટાડો, લાંબા સમયનો થાક અને જીવનની ગુણવત્તા નબળી પડવી જેવી સમસ્યાઓ થાય છે. ઓછી સુવિધાઓ ધરાવતા વિસ્તારોમાં જ્યાં સમયસર નિદાન અને અસરકારક સારવાર મર્યાદિત છે, ત્યાં તેની અસર વધુ ગંભીર છે. આ પ્રોજેક્ટ હોર્મોનલ ઈન્ટ્રા-યુટેરાઈન ડિવાઈસ (Hormonal Intrauterine Device) જેવી સારવારની સ્વીકાર્યતા અને પહોંચ વધારવાના માર્ગો પણ શોધશે. HMBના વ્યાપક પ્રસાર છતાં, તેની પાછળના જૈવિક કારણો વિશે હજુ પૂરતી માહિતી ઉપલબ્ધ નથી. પરિણામે, સારવારમાં વિલંબ થાય છે અને સતત ભેદભાવ સાથે જોડાયેલું રહે છે. આ માત્ર વૃદ્ધ મહિલાઓ સુધી સિમિત નથી પરંતુ યુવા પેઢીમાં પણ જોવા મળે છે. જોક, સામાજિક માળખાને કારણે મહિલાઓ ખુલીને વાત કરી શકતા નથી અને સામાન્ય રીતે પેઈન કિલર્સ લઈને કામ ચલાવે છે."સમસ્યા વિશે વધુ વિગતો આપતા ડૉ. નાયરે કહ્યું કે, "એબનોર્મલ યુટેરાઈન બ્લીડિંગ (Abnormal Uterine Bleeding - AUB), જેનો HMB એક સબસેટ છે, તે વિવિધ પરિબળોને કારણે થાય છે. જેમાં સ્ટ્રક્ચરલ એબનોર્મલીટીઝ (Structural Abnormalities) જેમ કે પોલીપ્સ (Polyps), એડેનોમાયસિસ (Adenomyosis), ફાઈબ્રોઈડ્સ (Fibroids) અને મેલીગ્નન્સી (Malignancy - કેન્સર) નો સમાવેશ થાય છે, જ્યારે નોન-સ્ટ્રક્ચરલ પરિબળોમાં બ્લીડિંગ ડિસઓર્ડર (રક્તસ્ત્રાવ વિકૃતિઓ), ઓવ્યુલેટરી અને એન્ડોમેટ્રિયલ ડિસફંક્શન (Ovulatory and Endometrial Dysfunction) નો સમાવેશ થાય છે." આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય સિંગલ-સેલ RNA સિક્વન્સિંગનો ઉપયોગ કરીને HMBના સેલ્યુલર અને મોલેક્યુલર પરિબળોને મેપ કરવાનો છે, જેથી એન્ડોમેટ્રિયલ માઈક્રોએન્વાયર્નમેન્ટ (Endometrial Microenvironment)નો વ્યાપક ડેટા સંગ્રહ તૈયાર કરી શકાય. આ કાર્યમાંથી મળતી માહિતી અસામાન્ય માસિક રક્તસ્ત્રાવ સાથે સંકળાયેલા મુખ્ય પાથવે અને બાયોમાર્કર્સની ઓળખ કરશે તેવી અપેક્ષા છે.

ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટીના ડીન રિસર્ચ પ્રો. સુધીર પ્રતાપ સિંહે કહ્યું, "ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી આ સિદ્ધિને વૈશ્વિક મહિલા સ્વાસ્થ્ય સંશોધનમાં ભારતના યોગદાન તરીકે એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન માને છે અને પ્રભાવશાળી તથા વિજ્ઞાન-આધારિત સંશાધનોને પ્રોત્સાહન આપવા માટેની પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરે છે."HMB પરના સંશોધન પ્રોજેક્ટના મુખ્ય ફોકસ એરિયા:

HMBની ફન્ડામેન્ટલ બાયોલોજીની સમજણને આગળ વધારવી.

ઓછી સુવિધાઓ ધરાવતા વિસ્તારમાં મહિલાઓમાં રોગનો વ્યાપ, અસર અને સ્ત્રીરોગ સ્વાસ્થ્ય તથા જીવનની ગુણવત્તા પર થતી અસરોનું મૂલ્યાંકન કરવું.

HMBના તપાસ માટેની સુધારેલી પદ્ધતિઓ વિકસાવવી અને તેને પ્રમાણિત કરવી તથા સ્ટાન્ડર્ડાઈઝ્ડ રિસર્ચ પ્રોટોકોલ્સ સ્થાપિત કરવા. ઓછી સુવિધાઓ ધરાવતા વિસ્તારોમાં HMB ના કારણો ઓળખવા માટે અત્યાધુનિક ડાયગ્નોસ્ટિક્સ તથા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ટેકનોલોજીનો ઉપયોગ કરવો. સારવારની અસરકારકતા, સ્વીકાર્યતા અને સારવાર સુધીની પહોંચ વધારવાના માર્ગોનું મૂલ્યાંકન કરવું.

### પરીક્ષા પે ચર્ચા'ની ૯મી આવૃત્તિ જાન્યુઆરી-૨૦૨૬માં યોજાશે

# કાર્યક્રમમાં ભાગ લેવા ધો. ૬ થી ૧૨ના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો-વાલીઓ માટે સ્પર્ધાનું આયોજન

**પ્રદર્શિત** તા. ૧ ડિસેમ્બરથી ૧૧ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન https://innovateindia1.mygov.in પર

• ગાંધીનગર

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિદ્યાર્થીઓ સાથેના અનોખા ઈન્ટરેક્ટિવ કાર્યક્રમ, 'પરીક્ષા પે ચર્ચા'ની ૯મી આવૃત્તિ જાન્યુઆરી-૨૦૨૬માં યોજાવાની છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે ધોરણ-૬ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો - વાલીઓ માટે તા. ૧ ડિસેમ્બરથી ૧૧ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન https://innovateindia1.mygov.in પર ઓનલાઈન MCQ પ્રકારની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા દ્વારા સહભાગીઓને તેમના પ્રશ્નો વડાપ્રધાનશ્રીને સંબોધવા માટે આમંત્રિત કરવામાં આવે છે. NCERT દ્વારા શોર્ટલીસ્ટ કરવામાં આવેલા પસંદગીના પ્રશ્નોનો 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સહભાગીઓને NCERT દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવશે. આ કાર્યક્રમના પ્રચાર-પ્રસાર માટે શાળાઓએ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ્સ અને ★PPC2026 ટેગનો ઉપયોગ કરવા જણાવવામાં આવ્યું છે. આ ઉપરાંત, વિદ્યાર્થીઓ તથા શાળાઓ પોતાના પોસ્ટર-ક્રિએટિવ વિડિયો વગેરે બનાવીને પણ પોસ્ટ કરી શકે છે, જેમાંથી પસંદ કરેલા વિડિયોઝને MyGov પ્લેટફોર્મ પર પ્રદર્શિત કરવામાં આવશે.




'પરીક્ષા પે ચર્ચા-2026' કાર્યક્રમમાં મહત્તમ વિદ્યાર્થીઓ સહભાગી થાય તે માટે રાજ્યની તમામ શાળાઓ, વાલીઓ અને વિદ્યાર્થીઓને આ અંગે જરૂરી જાણકારી આપવા શાસનાધિકારીશ્રીઓ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ અને શિક્ષણાધિકારીશ્રીઓને જાણ કરવામાં આવી છે. જિલ્લાની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ સાથે તેમજ અન્ય તમામ બોર્ડ સાથે સંલગ્ન શાળાઓના ધોરણ-૬ થી ૧૨ના વિદ્યાર્થીઓ આ કાર્યક્રમ માટે પસંદગીની તક મેળવી તેમાં મહત્તમ વિદ્યાર્થીઓ સહભાગી થાય તે માટે શાળાઓ દ્વારા જરૂરી કાર્યવાહી કરવા શિક્ષણ વિભાગની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# રઘુવંશી પરિવારનો પાંચમો સમૂહ લગ્નોત્સવ ૧૪-૧૫ માર્ચે પોરબંદર ખાતે યોજાશે

### સમૂહ લગ્ન, જનોઈ, રાંદલ માતાજી લોટા, બ્લડ ડોનેશન અને ડાયાબિટીસ ચેકઅપ

• વિરમભાઈ કે.આગઠ

પોરબંદર ખાતે રઘુવંશી પરિવારજનો માટે આગામી 14 અને 15 માર્ચ 2026ના રોજ પાંચમું આયોજન સમૂહ લગ્નોત્સવ તથા વિવિધ સેવાકીય કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરાયું છે. લોહાણા સગપણ માહિતી કેન્દ્ર, પોરબંદર દ્વારા છેલ્લા બાર વર્ષથી સેવાકીય ભાવના સાથે સગપણ સેવા અને સમાજ કલ્યાણ પ્રવૃત્તિઓ નિયમિતપણે યોજાતી આવી છે. આયોજન શેઠ શ્રી ભાણજી લવજી લોહાણા મહાજન વાડી, ભદ્રકાળી રોડ, પોરબંદર ખાતે બે દિવસ દરમિયાન યોજાશે. આ પ્રસંગે સમૂહ લગ્નોત્સવ, સમૂહ જનોઈ વિધિ, રાંદલ માતાજીનો લોટા કાર્યક્રમ, બ્લડ ડોનેશન કેમ્પ તેમજ ડાયાબિટીસ/શુગર ચેકઅપ કેમ્પનું પણ આયોજન કરાયું છે. સમાજની સર્વાંગી સેવા, આરોગ્ય જાગૃતિ અને સગપણ સબંધોને મજબૂત બનાવવાના હેતુથી આ આયોજન વિશેષ બનાવવામાં આવ્યું છે. આ ભવ્ય સમૂહ આયોજનમાં *સ્વ. મીનાબેન વિજયભાઈ લાખાણી (જામરાવળ વાળા) ની યાદમાં વિજયભાઈ લાખાણી અને ચિંતનભાઈ લાખાણી મુખ્ય યજમાન પદે રહેશે. સમૂહ આયોજનને વિસ્તૃત બનાવવા માટે સમાજના આર્થિક રીતે સમૃદ્ધ અને સુખી પરિવારોને સહકાર અને પ્રોત્સાહન સાથે જોડાવા આયોજન સમિતિએ અપીલ કરી છે. સમાજના ભાઈ-બહેનોને "વહેલો તે પહેલો" ના ધોરણે ઓનલાઈન/સીધી સંપર્ક દ્વારા નામ નોંધાવવા વિનંતી છે. આ સત્કાર્ય પ્રવૃત્તિમાં સહભાગી થવા તેમજ આર્થિક સહાય, સામગ્રી, કરિયાવર ગિફ્ટ આઈટમ વગેરે સ્વરૂપે મદદ કરવા સમાજના દાતાશ્રીને આગળ આવવા આયોજકો દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. વધુમાં, સમૂહ આયોજનમાં નિસ્વાર્થ




સેવા આપવા ઈચ્છુક રઘુવંશી ભાઈઓ-બહેનોને વ્યવસ્થાપક સાથે સંપર્ક કરી સેવા આપવા આમંત્રણ અપાયું છે. વિશેષ માહિતી અને નામ નોંધણી માટે સંપર્ક: સુરેશભાઈ બારાઈ: 73836 68002, હરીશભાઈ પોપટ: 92283 82944, હિતેશભાઈ ઉનડકટ: 73836 68006,લોહાણા સગપણ માહિતી કેન્દ્ર, પોરબંદર ના. 16, નવો કુંભારવાડો પાટા પાસે, જુબેલી રોડ, પોરબંદર

# અમદાવાદ : ક્રિપ્ટોના નામે કાપડના વેપારી સાથે 17 લાખની ઠગાઈ

### ક્રિપ્ટો ખરીદવા ઓનલાઇન સંપર્ક કરી રોકાણ કરતા પૈસા ડૂબ્યા

• અમદાવાદ

અમદાવાદ શહેરના કાપડના વેપારીએ ક્રિપ્ટો ખરીદવા ગુગલ પરથી કંપની સર્ચ કરીને વાતચીત કરી વિગત આપી હતી. જે બાદ કંપનીના એડવાઈઝરે ઈન્વેસ્ટમેન્ટ કરી સારો નફો કમાવવી આપવાની લાલચ આપી હતી. જેથી વેપારી વિશ્વાસમાં આવીને ક્રિપ્ટો ખરીદવા માટે અલગ અલગ 17 લાખ રૂપિયાના ટ્રાન્જેક્શન કર્યા હતાં. જ્યારે તેને નફો અને રોકાણ કરેલી રકમ પરત માગી ત્યારે તેમને આપવામાં આવી નહોતી જેથી વેપારીએ અજાણ્યા શખ્સો વિરુદ્ધ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે. મળતી વિગત અનુસાર, શીલજમાં રહેતા મહેન્દ્ર ભાઈ ચંદવાની કપડાની દુકાન ધરાવી ધંધો કરે છે. મહેન્દ્રભાઈને તેમના મિત્ર સાથે ક્રિપ્ટો એકસચેન્જ પ્લેટફોર્મ માટેની વાત થઈ હતી. ત્યારે WEBULL કંપનીની વાતચીત થઈ હતી. મહેન્દ્રભાઈએ ગુગલ પરથી WEBULL કંપની સર્ચ કરીને તેમની વેબસાઈટમાં સંપર્ક કર્યો હતો અને વેબસાઈટમાં આપેલા નંબર પર ફોનથી ખરીદવાની વાતચીત કરી હતી. જે બાદ કંપની દ્વારા મહેન્દ્રભાઈનો સંપર્ક કરીને તેમને એડવાઈઝર પુરા પાડ્યા હતા, જે તેમનું એકાઉન્ટ હેન્ડલ કરતા હતા.મહેન્દ્રભાઈએ શરૂઆતમાં ક્રિપ્ટો માટે 50000 રૂપિયા આપ્યા હતા.જે WEBULLની વેબસાઈટમાં દેખાતા હતા.




# સાબરકાંઠામાં રેલવેના વિકાસ કાર્યોને ગતિ મળશે

• દુર્ગેશ જયસ્વાલ સાબરકાંઠા

સાબરકાંઠામાં નવી રેલ્વે લાઈનો માટે હાલમાં ચાલી રહેલા લોકસભાના શિયાળું સત્રમાં સાંસદ શોભનાબેન મહેન્દ્રસિંહ બારૈયાએ રેલવે મંત્રાલયને પ્રશ્ન પૂછ્યા હતા અને સાંસદે પૂછેલા પ્રશ્નનોના કરી સાંસદને સ્થિતિથી અવગત કર્યા હતા. આ અંગે સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, દિલ્હીમાં લોકસભાનું શિયાળુ સત્ર ચાલુ છે. સાબરકાંઠાના સાંસદ શોભના બારૈયાએ રેલ્વેને લગતા પ્રશ્નો પૂછ્યા હતા જેમાં સરકાર સાબરકાંઠા લોકસભા મતવિસ્તારમાં નવી રેલ્વે લાઈનો બનાવી રહી છે. શું સરકારને ખબર છે કે આ નવી રેલ્વે લાઈનોનું બાંધકામ હાલમાં ખૂબ જ ધીમી ગતિએ ચાલી રહ્યું છે. શું સરકારે આ પ્રોજેક્ટ્સ પૂર્ણ રેલવેનું માળખુ વધુ મજબૂત થશે કરવા માટે કોઈ સમય મર્યાદા નક્કી કરી છે જેવા નવી રેલ્વે લાઈન માટે વિવિધ પ્રશ્નો પૂછ્યા હતા જેના જવાબમાં રેલવે મંત્રાલયે જવાબ આપતા માહિતી આપી હતી કે, સાબરકાંઠા મતવિસ્તારમાં આવતા વિસ્તારમાં રેલ કનેક્ટિવિટી સુધારવા માટે, છે.હિંમતનગર-ખેડબ્રહ્મા ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટ (૫૫ કિ.મી.) તાજેતરમાં પૂર્ણ થયો છે.વધુમાં રેલ્વે મંત્રાલયે જવાબ આપતા જણાવ્યું હતું કે, સાબરકાંઠા મત વિસ્તારમાંથી પસાર થતી તારંગા હિલ- કિ.મી.) નવી લાઈન પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે અને તેનું કામ શરૂ થઈ ગયું છે જે માર્ચ ૨૦૨૫ સુધીમાં આ પ્રોજેક્ટનો ખર્ચ રૂપિયા ૯૮૦ કરોડ ખર્ચ કરવામાં આવ્યો છે અને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે આ પ્રોજેક્ટ માટે ૨૩૬ કરોડ રૂપિયાનું બજેટ રાખવામાં આવ્યું.

### જાહેરનામાનો ભંગ કરશે કે તેમ કરવામાં મદદગારી કરશે તો તે દંડ અને શિક્ષાને પાત્ર થશે

# સાબરકાંઠા જિલ્લામાં હથિયાર બંધી

• દુર્ગેશ જયસ્વાલ સાબરકાંઠા.

સાબરકાંઠા જિલ્લામાં જુદા જુદા ખાનગી ઈનપુટો ધ્યાને લેતા જિલ્લામાં અસામાજિક તત્વો દ્વારા અઘટીત બનાવ ન બને તે માટે તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારીના પગલાં રૂપે પ્રતિબંધિત હુકમો જાહેર કરાયા છે. જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે સાબરકાંઠા જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી કે.એ.વાઘેલા તેમને મળેલ અધિકારની રૂએ એક જાહેરનામાં દ્વારા સાબરકાંઠા જિલ્લામાં આગામી તા. ૧૯/૧૨/૨૫ સુધીના સમયગાળામાં નગરપાલિકા વિસ્તારમાં સબંધિત સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી અને ગ્રામ્ય વિસ્તારમાં મામલતદારશ્રી અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય શસ્ત્રો, દંડ, તલવાર, ભાલા, ધોકા, બંદુક, ચપ્પુ, લાકડી, લાઠી, કુલ્લીવાળી લાકડી તથા શારિરીક ઈજા પહોંચાડી શકે તેવા કોઈપણ પ્રકારના સાધનો ધારણ કરવાની કે સાથે લઈ જવાની મનાઈ ફરમાવેલ છે. આ જાહેરનામામાં પથ્થરો અથવા ફેંકી શકાય તેવી કોઈપણ પ્રકારની વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાના યંત્રો અથવા સાધનો ધારણ કરવાની - એકઠાં કરવાની કે સાથે લઈ જવાની, વ્યક્તિઓ અથવા તેમના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા તૈયાર કરવાની દેખાડવાની, સળગાવવાની કે સાથે લઈ જવાની, કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા વિસ્ફોટક પદાર્થો ધારણ કરવાની કે સાથે લઈ જવાની, જેનાથી સુરૂચિનો ભંગ થાય અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવી ચેષ્ટા કરવાની, તેવા ચિત્રો - પત્રિકા -પ્લે કાર્ડ અથવા વસ્તુ તૈયાર કરવાની અથવા ફેલાવો કરવાની કે સાથે લઈ જવાની, બૂમો પાડવાની - અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ શબ્દો પોકારવા તેમજ અશ્લીલ ગીતો ગાવા અથવા ટોળામાં ફરવાની તથા કોઈ સરઘસમાં જલતી અને પેટાવેલી મશાલ લઈ જવાની મનાઈ ફરમાવવામાં આવી છે.

આ હુકમ સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય તેવી વ્યક્તિ તથા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, મામલતદારશ્રીઅને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી અથવા તેઓએ કે જેને શારિરીક અશક્તિના કારણે લાકડી/લાઠી લઈ જવાની પરવાનગી આપવામાં આવી હોય, ખેતી કામે ઓજારો લઈ જતા ખેડૂતો, તેવી વ્યક્તિઓને આ હુકમ લાગુપડશે નહીં.જો કોઈપણવ્યક્તિ આ જાહેરનામાનો ભંગ કરશે કે તેમ કરવામાં મદદગારી કરશે તો તે દંડ અને શિક્ષાને પાત્ર થશે.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI